શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

Auguast' 2008


ગુરુપૂર્ણિમા પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. • Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.


1


2


3


4

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં શ્રાવણ માસમાં હિંડોળાના અલૌકિક દર્શન.

૧. અમદાવાદ ૨. જેતલપુર ૩. નારાયણઘાટ ૪. ગાંધીનગર (સેક્ટર-૨૩)

નવા વર્ષના કેલેન્ડરમાં સૌજન્ય અંગે

શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદ (કાલુપુર) તરફથી ઠાકોરજીના આકર્ષક, સુંદર નવા વર્ષના કેલેન્ડર તૈયાર થઈ રહ્યા છે. જેમાં ઉદ્યોગપતિ-મોટા વહેપારી હરિભક્તોને પોતાના ધંધા-ઉદ્યોગની જાહેરાત સૌજન્ય માટે સંપર્ક વહેલાસર કરવો.

- મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય.



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂ. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂ. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂ. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 16 અગસ્ત -2008

અનુક્રમણિકા

૧	અસ્મદીયમ્	૦૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૩
૩	જન્માષ્ટમી	૦૪
૪	પવિત્ર બંધન અર્થાત્ રક્ષાબંધન	૦૬
૫	શાણા ને શીખ	૦૮
૬	ભક્તિની સર્વોપરિતા	૧૦
૭	ગુરુ પૂર્ણિમાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ	૧૧
૮	અક્ષરધામની કેડી એટલે સ્વામિનારાયણ મ્યુઝિયમ	૧૨
૯	સત્સંગ સુરભિ	૧૫
૧૦	સત્સંગ બાલવાટિકા	૧૬
૧૧	ભક્તિ સુધા	૧૯
૧૨	આપણા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી	૨૨
૧૩	પ્રશ્નપેટી	૨૩
૧૩	સત્સંગ સમાચાર	૨૪

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સત્સંગ



તંત્રીશ્રીની કલમે....

ઈન્દ્રિઓને વિષયોના ઉપભોગનો ચસકો લાગેલો છે ત્યારે પંચવિષય વગેરેનો ત્યાગ ટકાવવો કઠીન છે. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના" તેમ વૈરાગ્ય વિના અશક્ય જ સમજ્વું. વૈરાગ્યની દ્રઢતા થયા વિના અંત:કરણ દ્રઢ-સ્થિર ન થાય ત્યાં સુધી કરોડો ઉપાય કરે તો પણ ત્યાગ-ધર્મ-નિયમ ટકે નહિ. ઈન્દ્રિઓને ફક્ત પોતાના વિષયોમાંથી દૂર રાખવી એ વાત સહેલી છે. કોઈપણ માણસ પોતાની જાતને કદાચ એકાંત જ્યામાં બંધ કરી દૂનિયાથી અલગ થઈ જાય પરંતુ તે અલગતા તેના શરીર પુરતી અને ફક્ત ભૌતિક એકાંત છે. માત્ર એકાંતનું સેવન કરવાથી ઈન્દ્રિઓ વશ થતી નથી તેના માટે પોતાના મનને વશ કરવું પડે છે. વિષયોથી પાછું વાળી દેવું પડે નહિ તો એકાંત રહેવા છતાં જીવાત્માનું પતન થાય છે. ઈન્દ્રિઓને જીતી જીતેન્દ્રિયતા માટે પોતાના મનને કેળવીને વશ કરવુ પડે. વૈરાગ્યની ભાવનાને પોતાના મનમાં નિશ્ચય કરી દ્રઢ કરવી પડે.

અને તે મનને કેળવવા માટે જ ચાતુર્માસ કે શ્રાવણ માસ વગેરે ઉત્સવો-પ્રસંગો આવે છે. જેમાં નિયમોનું પાલન કરવા અને વિશેષ નિયમો પાળવાની શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં વાત કરેલ છે. પરંતુ વૈરાગ્ય માટેની લગની જીવનમાં ઉદ્ભવે તેના માટે નિત્ય-અનિત્ય શાશ્વત-નાશવંત સત્ય-અસત્ય - વિવેક-અવિવેકની સાચી સમજણ સત્પુરૂષોનો સમાગમ કરી કથા વાર્તા વડે આત્મસાત કરવી પડે. તે માટે જ આવા ચાતુર્માસ અને એમાં પણ શ્રાવણ માસના વિવિધ ઉત્સવો વડે જ્ઞાન-ભક્તિ વૈરાગ્યની દ્રઢતા કરવા માટેનો આ સુંદર યોગ્ય સમય છે.

ઈન્દ્રિઓને વિષય ભાંગનો ચસકો લાગ્યો છે તેમનું નિયમન કરવા માટે અને ઈન્દ્રિયોને સેવન કરવા ન દેવું માત્ર એટલું જ નથી પણ બાહ્ય શારીરિક અને ભૌતિક સંયમ ઉપરાંત આત્મ સયંમ માટે નો માર્ગ છે જ્ઞાનમાર્ગ નિત્ય સંત સમાગમ એ એવું જ્ઞાન કે જે જ્ઞાન જીવાત્માને ઈન્દ્રિઓથી જે વિષયોના સુખો ભોગવાય છે તેના મિથ્યાપણાનું જ્ઞાન આપે છે. તે જીવાત્માને વિષયોના સુખો ભોગવતા ઈન્દ્રિયો તૃપ્ત થવાની જ નથી. કારણ અનંત જન્મોથી વિષયોના સુખ ભોગવતો આવ્યો છે છતાં ધરાતો નથી અને ધરાવાનો પણ નથી. વિષય ભોગથી તો જીવાત્માના મન-શરીર-નબળા પડતા તેનું પતન થાય છે. આત્માનું સાચું અને શાશ્વત સુખ તો પ્રભુના ચરણમાં જ છે. એવી સમજણ માટે ચાતુર્માસ-અધિકમાસ-શ્રાવણ માસ જેવો સમય શ્રીહરિએ જ નક્કી કર્યો છે. તે સમયમાં જ ઈષ્ટદેવનું વિશેષ ભજન-સ્મરણ કરીને મોક્ષ અને કલ્યાણ સહેજેસાધી લેવું. તે જ મનુષ્ય જન્મનું ખરૂ કર્તવ્ય છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઇ - ૨૦૦૮)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨. શ્રી સહજાનંદ ટ્રાવેલ્સ એજન્સીમાં પધરામણી, નહેરૂનગર.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી ભગવાનભાઈ ગંગદાસભાઈ આકોલીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
શ્રી ભાવિનભાઈ દુર્લભભાઈ સાવલીયાને ત્યાં પધરામણી, નિકોલ રોડ.
શ્રી રમેશભાઈ રવજીભાઈ દોંગાને ત્યાં પધરામણી, બાપુનગર.
શ્રી તેજ બચુભાઈ વડોદરીયાને ત્યાં પધરામણી, નિકોલ.
શ્રી રાજેન્દ્રકુમાર એમ. ને ત્યાં પધરામણી, રાણીપ.

૬. શ્રી વિનોદભાઈ મોહનલાલ પ્રજાપતીને ત્યાં પધરામણી, ઘોડાસર.

૯. શ્રી નંદલાલ દયાળભાઈ પીઠવાને ત્યાં પધરામણી (મહાપૂજા પ્રસંગે) પાલડી.

૧૦. શ્રી ગોકુલેશ નારણભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘોડાસર.

૧૧. શ્રી નરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચાવડા (દરબાર) ને ત્યાં પધરામણી, બોપલ.
શ્રી સમીરભાઈ રમણલાલ પરીખને ત્યાં પધરામણી, જશોદા ચોકડી - વટવા.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂર્ણિમા પ્રસંગે 'ગુરુ પૂજન મહોત્સવ' ઉજવાયો.

૧૯. શ્રી જીલુભાઈ ભઈજીભાઈ ડાભી (જવારજવાળા) ને ત્યાં પધરામણી, બોપલ.

૨૦. શ્રી જતીનભાઈ રસિકભાઈ પટેલને ત્યાં પધરામણી, મણીનગર.
શ્રી મહેન્દ્રભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, ઘોડાસર.
શ્રી પરેશભાઈ સોમાભાઈ પટેલને ત્યાં પધરામણી, ખોખરા-મહેમદાવાદ.

વિદેશ ધર્મયાત્રા

આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવ - કેનેડા ટોરન્ટોમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

"શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ની વેબ સાઈટ

www. swaminarayanmuseum.com

ના વિડીયો વિભાગમાં શ્રી નરનારાયણદેવની પાંચેય આરતીના દર્શન થશે.



જન્માષ્ટમી

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

મહા કવિ કાલીદાસે उत्सवप्रियाः खलु मनुष्याः । એમ યથોચિત જ કહ્યું છે. ઉત્સવોની પાછળ ભાવનું મહત્વ છે. અંતઃકરણની ભાવનાથી અને સાર ગ્રહણની બુદ્ધિથી જો ઉત્સવ ઉજવવામાં આવે તો તે જીવનમાં આનંદ નિર્માણ કરે છે અને નિરાશાને ખંખેરી નાંખી નવી આશાઓનું સંચાર કરે છે. ભારતની સંસ્કૃતિનો ધાર્મિક ઈતિહાસ - એકલા પુસ્તકોમાં જ રહ્યો છે એમ નહીં પણ તેના જીવતા ઉત્સવોમાં લખાયેલો છે. ઉત્સવોમાં અંદર રહેલી ભાવનાઓની દ્રષ્ટિ પકડી અને તેની પાછળ રહેલા રહસ્યોનું જો મનન થાય તો આપણા પૂર્વજો પ્રત્યે આદરભાવથી મસ્તક નમી જાય. ઉત્સવો આત્મીયતાના સાધક, પ્રેમના પોષક, પ્રસન્નતાના પ્રેરક અને ધર્મના સંરક્ષક તથા ભાવનાના સંર્વધન કરનારા છે. રોજીંદા જીવનમાંથી ઉત્સવો આપણને મુક્તિ આપે છે તેના કારણ આપણને ગમે છે. કારણ ધંધા રોજગાર અને શુષ્ક જીવન વ્યવહારમાં જોડાયેલ માનવ ઉત્સવના દિવસે મુક્તિ મેળવવાનો અહેસાસ અનુભવે છે. ધર્મમાં ઉત્સવો આવતી પેઢીને માર્ગદર્શક અને ભોમિયાની ગરજ સારે છે. મહાન બનવાનો સંદેશો આપે છે. જીવનને કઈ દિશામાં ગતિ આપવી તે ઉત્સવો શીખવે છે.

ભગવાનના પ્રાકટ્યને પણ ભક્તો ઉત્સવ તરીકે ઉજવે છે. ભગવાન તો અજન્મા છે છતાં પણ પોતાના ભક્તોને લાડ લડાવી શુભ મનોરથો પૂર્ણ કરવા માટે સ્વતંત્ર પણે જન્મ ધારણ કરી મૃત્યુલોકમાં પ્રગટ થયા છે. પરમાત્મા માયાથી નિર્લેપ રહીને અનેક જીવાત્મા પોતાના સંબંધને પામે તે તમામને પણ માયાથી નિર્લેપ બનાવીને જન્મ-મરણ સંસ્કૃતિમાંથી ઉગારી અક્ષરધામમાં લઈ જઈ સાશ્વત સુખના ભોક્તા કરી મુકે છે. આથી અક્ષરધામના અલૌલિક સુખની પ્રાપ્તિ માટે ભક્તો રાજીપાને અર્થે ભગવાનના જન્મ અને કર્મ બન્નેને ઉત્સવરૂપે મનાવી અભયદાન મેળવે છે. ભગવાનનું પ્રાગટ્ય પણ વિશ્વ કલ્યાણને માટે જ હોય છે.

ભાગવતજીના દશમસ્કંધમાં પરમ કૃપાળુ શ્રી કૃષ્ણ પરમાત્માના જીવનની કથા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ શ્રાવણ વદ અષ્ટમીની મધ રાત્રે ઘોર અંધકારને ચીરીને પ્રકાશ પૂંજ પ્રસરાવવા માટે મથુરાની જેલમાં બંદીવાન પિતા વસુદેવ થકી માતા દેવકીજીની કૂખે જેલમાં પ્રગટ થયા.

મથુરા એટલે માનવીનું શરીર અને વસુદેવ એટલે માનવીનો જીવાત્મા તથા દેવકીજી એટલે માનવમાં રહેલી બુદ્ધિ. માનવ અંતઃકરણ પૂર્વક હૃદયમાં રહેલા ભગવાનને સાક્ષાત્કાર કરવા પ્રયત્નો કરે તો બુદ્ધિ અને જીવ માનવને મદદ કરે છે.

શ્રાવણ માસની વદ પક્ષની અંધારી આઠમના દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થવાનો અવસર એ બતાવી આપે છે કે પ્રભુ જ્યારે જ્યારે જગત ઉપર ધર્મ અને અધ્યાત્મનો માર્ગ અધર્મરૂપી અંધકારથી આવૃત બને ત્યારે અંધકારના નાશ માટે પૂર્ણ પ્રકાશ રૂપે ભગવાનનું પ્રાકટ્ય થાય છે. જ્યારે આ પૃથ્વી ઉપર આપત્તિઓનો વરસાદ, અંધશ્રધ્ધાનું અંધારુ, પાખંડ અને પ્રદર્શનોના મેઘાડંબર છવાયો હોય ત્યારે અધર્મરૂપ અંધારુ દૂર કરવા પૂર્ણ પ્રકાશ રૂપે ભગવાનનો પ્રાકટ્યોત્સવ થાય છે.

ભગવાન અવતાર ધારણ કરીને જે જે ચરિત્રો કરે છે તે દિવ્ય હોય છે અને ચરિત્રોનું ગાન કરવાથી જ જીવાત્મા મોક્ષને પામે છે તે માટે શાંતિ ઈચ્છતા દરેક વ્યક્તિએ પોતાના મનની અખંડ વૃત્તિ ભગવાનના કથા, કીર્તન, વાર્તા અને ધ્યાન વડે ભગવાનના સ્વરૂપમાં જોડી રાખવી. ભગવાને કરેલ દરેક ચરિત્રો આપણને કાંઈને કાંઈ ઉપદેશ આપી રહ્યા છે. આપણે પણ ભગવાન શ્રીકૃષ્ણની જન્મ જયંતી નિમિત્તે પ્રભુના ચરિત્રોમાંથી નીચે મુજબનું જ્ઞાન

મેળવી જીવનમાં ક્રિયાત્મક બનાવવું જોઈએ.

❖ જે સમયે ધર્મના સિદ્ધાંતો જીવનમાં નહિ પણ ફક્ત પુસ્તકોમાં રહેતા તે સમયે ધર્મને ધર્માન્ધતામાંથી, શિક્ષણ અને રાજસત્તાના કેદમાંથી મુક્ત કરવા માટે પ્રભુ જેલખાનામાંથી આ પૃથ્વી પર પધારવાનો પ્રસંગ ખરેખર સાર્થક લાગે છે.

❖ ગોવર્ધન લીલા દ્વારા પ્રભુ આપણને સમજાવે છે કે જગતના જીવોને સત્તા કે સંપત્તિના જોરથી નહી, શ્રીમંતોની પૂજાથી નહિ પણ વેદપુરાણો તથા શ્રૃતિ અને સ્મૃતિઓના વિચારોને જગત સામે મુકનાર વિદ્વાનો - સંતોના પૂજનથી સમાજનું શ્રેય થશે તે વાત સમજાવેલ છે.

❖ સત્તા અને સંપત્તિનું ઈન્દ્રનું અભિમાન તોડી સામાન્ય માણસોને એકાત્મભાવથી જોડી મહાન કાર્ય લેવાની રીત સમજાવે છે.

❖ ગોકુળના સામાન્ય ગોપ બાળકો અને સામાન્ય ઘરની ગોપીઓ સાથે સમરસ થઈને પોતાના ગોપાલકૃષ્ણ નામને સાર્થક કર્યું છે. દરેક પોતાને સખાભાવે માનતા.

❖ જ્યાં પૂજ્ય લોકોની અવગણના થાય ત્યાં દુકાળ, મરણ, ભય એ ત્રણ વાતોનું સામ્રાજ્ય પ્રવર્તે છે.

❖ કંસચ્છેદન કરીને પરમાત્માએ સાંસ્કૃતિક પરિવર્તન અને કંસ જેવા એકહથ્થુ સત્તા જમાવનારને મારનાર શ્રીકૃષ્ણ ભગવાન સમાજને જીવન જીવવાની રીતિ શીખવાડી છે.

❖ સાંદિપની ઋષિના આશ્રમે ભણવા જનાર શ્રીકૃષ્ણને ભણવાનું શું બાકી હોય પણ આ લીલાચરિત્ર વડે પરંપરાનું પૂજન અને ઋષિઓનું ગૌરવ કર્યું છે. રાજકુમારોએ પણ સંત ચરણમાં જ શિક્ષા મેળવવી જોઈએ તે વાત સમજાવેલ છે.

❖ સૌની જોડે આત્મીયતા કેળવી સમરસ થઈ ગુરુ સેવા કરી, લાકડા કાપવા જતા તે લીલામાં ગુરુના મહિમાની સાથે શિષ્યની ફરજ સમજાવે છે. સાથે પરિશ્રમની પ્રતિષ્ઠા વધારી મનમાંથી મહેનતમાં શરમ દૂર કરે તેજ સાચું એમ સમજાવ્યું છે.

❖ સુદામાં જોડે સંખાપણું બાંધીને જીંદગીભર ભગવાને સુદામાને અવગણ્યા નથી. કૃષ્ણ સુદામાના મિલન વખતના પ્રસંગથી તે વાત સાબિત થાય છે કે સહાયક બનવા કરતા સખા બનાવામાં વધારે ગૌરવ છે. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણએ પ્રત્યક્ષ મદદ ન કરતા માર્ગદર્શન આપીને પરોક્ષ રીતે સુદામાની સાથે રહ્યા છે.

❖ વાંસના ટુકડામાં સંગીત નિર્માણ કરીને આપણને સમજાવે છે કે મીઠાસ અને માધુર્યતા વાંસના ટુકડામાં નહીં પણ વગાડનારામાં છે. આપણી જીવન બંસરીમાં પણ પ્રભુ સંગીત નિર્માણ કરે પણ આપણે વાંસળી જેવા પોકળ (ખાલી) એટલે કે નિરહંકારી બનવું જોઈએ. વાંસળીની જેમ આપણે પણ ભગવાનની પ્રસન્નતા માટે વ્રત, તપ, યોગ, યજ્ઞ, ધર્મ, નિયમ કરી વિંધાઈ જવું પડશે. વાંસળીને પોતાની ઈચ્છા કોઈજ નથી. જેમ પ્રભુ વગાડે તેમ બોલે છે એજ રીતે આપણે પણ પ્રભુના શરણાગત થઈ પ્રભુ રાખે તેમ રહેવું, જીવાડે તેમ જીવવાની મનોવૃતિ કેળવવી પડશે.

❖ રૂક્ષ્મણીના તુલસીદળે તોલાયેલ પ્રભુ ભાવનાના ભૂખ્યા છે. દુર્યોધનના મેવા ત્યાગી વિદુરજીની ભાજી જમ્યા છે. વળી જેને ભગવાનને રાજી કરવા ભાવના દર્શાવી તેનું નાનામાં નાનું કામપણ પ્રભુએ કર્યું છે.

પાંડવોના રાજસુય યજ્ઞમાં એઠવાડ ઉપાડવાનું કાર્ય ભગવાન શ્રીકૃષ્ણએ કર્યું છે. અર્જુનના રથના સારથી પણ બનીને રથના ઘોડાઓને નવરાવ્યા પણ છે. સાચી ભાવનાથી આપણે પણ જો પ્રભુ ભજનમાં લાગી જઈએ તો પ્રભુ મદદે આવ્યા વગર રહે નહી.

આપણે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જીવનનો વિચાર કરીને તેમના ગુણોને જીવનમાં અપનાવવા તેમજ તેમની સાંસ્કૃતિક દૃષ્ટિને સમાજમાં ટકાવી રાખવા કૃતનિશ્ચયી બનીએ તો જ આપણે સાચા અર્થમાં **"જન્માષ્ટમી"** ઉજવી કહેવાય.

તો આ રીતે ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃતમાં ઉત્સવોનો ખૂબ મહિમા કહીને જન્માષ્ટમી આદિ જન્મોત્સવોને સંતો, હરિભક્તોના જીવનમાં એવા તો ઓતપ્રોત કરી દીધા છે કે ભક્તોને રોજ-બરોજ, હર ઘડી મહોત્સવોનો આનંદ ઉભરાયા કરે છે.

તો વ્હાલા ભક્તો જન્માષ્ટમીના સમેયામાં દર્શન કરવા માટે કાલુપુર મંદિરે પધારશો. જન્માષ્ટમીના સમૈયાનું સુખ લેવું એ પણ એક મોટો લ્હાવો છે માટે જરૂરથી મંદિરે દર્શન કરવા પધારશો.



પવિત્ર બંધન અર્થાત્ રક્ષાબંધન

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

"સ્નેહથી ખીલે જીવનની પાંખડી
રાખડી, સ્નેહ તણી બારાખડી."

રક્ષા બંધન એટલે પ્રેમ-બંધન, આજના દિવસે બહેન ભાઈના હાથે રાખડી બાંધે છે. અને સાથે-સાથે હૃદયને પ્રેમથી બાંધે છે. ભાઈ બહેનનું મિલન એટલે પરાક્રમઅને પ્રેમ તથા સાહસ અને સંયમનો સહયોગ ! લોગ કાં તો સ્વાર્થના પડછાયાથી અંકિત થએલા જગતના સઘળા સંબંધોની વચ્ચે, નિઃસ્વાર્થ અને પવિત્ર એવી ભાઈ બહેનની સાચી પ્રેમ સગાઈએ જાણે ખારા સમંદરની વચ્ચે સાંપડતી કોઈક મીઠી વિરડી જેવી આશ્ચર્યકારક ઘટના છે. ભારતીય સંસ્કૃતિ તેમજ તેના પ્રવર્તક ઋષિઓએ આ સંબંધથી નિઃસ્પૃહતા અને પવિત્રતાનું મહિમા ગાન કર્યું છે. ભારતીય સંસ્કૃતિ એટલે માનવજીવનની મહાનતાના દર્શન કરવા. નારી સંસ્કૃતિ, સ્ત્રીને ભોગ દાસી ન સમજતા તેનું પૂજન કરનારી સંસ્કૃતિ પોતાને સુધારકમાં ખપાવવાના નાદમાં પાશ્ચાત્યોની આંધળુ અનુકરણ કરી, સ્ત્રી સમાનતાની પોકળ ભાષા બોલનારાઓને નમ્રતાપૂર્વક કહેવું જોઈયે કે ભારતની સંસ્કૃતિએ તો સ્ત્રીનું પૂજન કર્યું છે.

यत्रः नार्यस्तु पूजय ते रमते तत्र देवताः ।

જ્યાં સ્ત્રી પૂજાય છે. તેનું માન સચવાય છે. ત્યાં દેવો રમે છે. ત્યાં દેવોનો વાસ હોય છે. એવું ભગવાન મનુનું વચન છે. સ્ત્રી સમાજ તરફ ભોગ દ્રષ્ટિથી ન જોતા પવિત્ર દ્રષ્ટિથી માની ભાવનાથી જોવાનો આદેશ આપનારી ભારતીય સંસ્કૃતિ છે.

રક્ષા બંધનનો ઉત્સવ એટલે દ્રષ્ટિ પરિવર્તનનો તહેવાર બહેનની રાખડી હાથ પર બંધાતા જ ભાઈની દૃષ્ટિ બદલાઈ જાય છે. રાખડી બાંધનાર વિકૃત દૃષ્ટિથી જોતા નથી. એટલું જ નહિ પણ તેના રક્ષણની જવાબદારી તે પોતે લે છે, જેથી બહેન સમાજમાં નિર્ભય બની ફરી શકે. આજે બહેન નિર્ભય નથી, સમાજમાં નીડર બની ફરી શકતી નથી. તેની મશ્કરી કરી પશુ તુલ્ય વૃતિ પોષનારા ભાઈઓને આજે સમજણથી કે શિક્ષાથી પાઠ ભણાવવાની જરૂર છે, એ લોકોને ખબર નથી કે જે સમાજમાં બહેન નીડર નથી તે સમાજ ધીરે-ધીરે પોતાનું સ્થાન ગુમાવતો અવદશાને પામે છે.

વિશ્વમાં સ્ત્રી-પુરુષના સંબંધો અનાદિ છે અને અંત સુધી રહેશે. પતિ-પત્નિ, મા-દીકરો, ભાઈ-બહેનનો સંબંધ જ નિરપેક્ષ છે. બાકી બધા સંબંધો સાપેક્ષ છે. પ્રત્યેક સંસ્કૃતિએ ભાઈ-બહેનના નિર્મળ સંબંધને માન્યતા આપી ભાઈ-બહેનના જાતીય સંબંધને વર્જ્ય ગણ્યો છે. પશુ-પક્ષીમાં આવુ બંધન હોતું નથી. વિજ્ઞાનની દ્રષ્ટિએ જોતા ભાઈ-બહેન પણ વિભિન્ન લિંગી (Opposite Sex) પુરૂષ અને સ્ત્રી જ છે. પરંતુ તેમા પવિત્રતાની સુગંધ મુકવાનું કામ ધર્મ કે સંસ્કૃતિએ જ કર્યું છે. ભારતીય સંસ્કૃતિ તો એથી પણ આગળ વધીને કહે છે કે પોતાની પત્ની સિવાય જગતની સ્ત્રી માત્ર, માઁ કાં તો બહેન બરોબર છે. અને તેની સાથેનું જાતીય સંબંધ એ પાપ છે. સ્ત્રીને માત્ર ભોગ માટેનું રમકડું કાં તો સાધન સમજનાર પાશ્ચાત્યોને ક્યાંથી સમજાય કે ભારતીય સંસ્કૃતી સ્વ પત્નીને પણ સતત ભોગની દૃષ્ટિથી ન જોતાં અન્ય દૃષ્ટિ કેળવવાનો આદેશ આપે છે.

कार्येषु मंत्री करणेवु दासी, भाजयेणु माता शयनेयु रम्भा
धर्मानुकूला क्षमया धरित्रि, षाऽगुण्यमेतद्वि पवित्रता नाम्

મહત્વના કાર્યમાં સ્ત્રીને સલાહકાર માનવાનું તેમજ ભોજન સમયે સ્વપત્નિમાં પણ માતૃ સ્વરૂપ નિહાળવાનું કહેનાર ભારતીય સંસ્કૃતિનો દૃષ્ટિકોણ કેટલો ભવ્યને ઉદાત છે.

ભાઈને રાખડી બાંધતા પહેલા બહેન તેના મસ્તક પર તિલક કરે છે. આ કેવળ ભાઈના મસ્તકની પૂજા નથી પણ ભાઈના વિચારો અને બુદ્ધિ પરના વિશ્વાસનું દર્શન છે. બહેન જ્યારે ભાઈના કપાળે તિલક કરે છે ત્યારે સામાન્ય

લાગતી એ ક્રિયામાં દ્રષ્ટિ પરિવર્તનની મહાન પ્રક્રિયા સમાયેલી હોય છે. સામાન્ય દ્રષ્ટિથી જગતને જોતી રહેલી બે આંખો ઉપરાંત, ભોગને ભૂલી ભાવ દૃષ્ટિથી જગતને જોવા માટે જાણે કે ત્રીજી એક પવિત્ર, આંખ આપીને બહેને પોતાના ભાઈને ત્રિલોચન બનાવ્યો હોય એવો સંકેત એ ક્રિયામાં દેખાય છે. ભગવાન શંકરે ત્રીજું નેત્ર ઉઘાડીને કામને ભસ્મ કરી નાખ્યો હતો. બહેન પણ ભાઈનું ત્રીજું નેત્ર બુદ્ધિનું લોચન ખોલીને તેને વિકાર વાસના ઈત્યાદિને ભસ્મ કરવાનું સૂચવતી હોય છે.

બહેનની આંખો ભાઈ ઉપર હંમેશા અમીવર્ષા વર્ષાવતી હોય છે, એની વાણી દિલમાં રહેલા કામનાના અંધકારને ઉલેચી ભાઈને કર્તવ્યની કેડીએ આગળ ધપતો કરી મૂકે છે.

अमी जेभर्या तुज हृदयमां,
अन्यत्र दुर्लभ दिसता,
स्नेहाळ तुज वयनो वडे,
अंधार दिलना ओलचता."

રક્ષાબંધનના દિવસે પ્રત્યેક બહેન હર્ષ ઘેલી બને છે. ભાઈના હાથે રાખડી બાંધવી એ બહેનને પોતાના જીવનનો અમૂલ્ય લ્હાવો લાગે છે. રક્ષાના પ્રત્યેક તંતુમાં બહેનનાં હૃદયનો નિર્વ્યાજ પ્રેમ ભરેલો હોય છે. રક્ષાનું બંધન જીવનમાં ઉપયોગી એવા અનેક બંધનોની રક્ષા કરે છે. લોખંડની મજબુત બેડીને તોડવા સમર્થ એવો ભાઈ, બહેને બાંધેલી એ નાનકડી રક્ષાના બંધનને તોડી શકતો નથી. તેમજ એની મર્યાદાને ઉલ્લંધી શકતો નથી. રક્ષા એ કેવળ સુતરનો દોરો નથી. એ તો છે શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું પવિત્ર બંધન.

ત્યાગ અને શ્રધ્ધા ના છેડા, ભક્તિ ગાંઠ બંધાઈ,
નિરપેક્ષ બાંધવ બહેનની, સાચી પ્રેમ સગાઈ છે.

ભાઈના હાથે રક્ષા બાંધીને બહેન તેની પાસેથી કેવળ પોતાનું રક્ષણ ઈચ્છે છે. એટલું જ નહિ પણ સમસ્ત સ્ત્રી જાતને પોતાના ભાઈનું રક્ષણ મળે એવી ઈચ્છા રાખે છે. સાથે-સાથે બાહ્ય શત્રુઓ અને આંતર્વિકારો ઉપર પોતાનો ભાઈ વિજય મેળવે કાં તો તેમનાથી સુરક્ષિત રહે એ ભાવના પણ એમાં સમાયેલી છે.


વેદોમાં દેવાસુર સંગ્રામમાં દેવોના વિજય નિમિત્તે ઈન્દ્રાણીએ હિંમત હારી ગયેલા ઈન્દ્રનાં હાથમાં રક્ષાસુત્ર બાંધી હતી તેવો ઉલ્લેખ છે. અભિમન્યુની રક્ષા ઈચ્છતી કુંતા માતાએ તેને રાખડી બાંધી હતી જ્યારે પોતાના રક્ષણ માટે રાણી કર્મવતીએ હુમાયુને રાખડી મોકલી હતી. આ રીતે રક્ષાના ઉભય પક્ષના રક્ષણની ભાવના સમાયેલી છે. પરંતુ આટલી જ તેની મર્યાદા નથી. રક્ષા-બંધન એ તો બંધનરક્ષાનું સ્મારક છે. બંધન રક્ષા એટલે ધ્યેય-રક્ષા જેણે જીવનમાં કંઈક બંધન માન્ય કર્યું છે. જે જીવનમાં કોઈક ધ્યેય સાથે બંધાઈ ગયો છે તે જ જીવન વિકાસ કરી શકે છે. રાખડી બાંધતી વખતે બહેને ભાઈને બંધનનું એટલે કે ધ્યેયનું રક્ષણ કરવાનું સૂચવે છે.

રક્ષા બંધનના પ્રસંગે ભાઈ બહેનને કહે છે. તારી રક્ષા કાજે જરૂરત પડે તો સર્વસ્વ આપવાની મારી તૈયારી છે. અને તે સર્વસ્વ આપવાની તૈયારીના પ્રતિકરૂપે બહેનને રૂપિયો આપે છે. પરંતુ આજે તેમાનો ભાવ કાં તો મંત્ર ખોવાઈ ગયો છે અને માત્ર વ્યવહાર રહ્યો છે. તેથી તેમાનું સૌંદર્ય ચિમળાઈ ગયું છે. વાસ્તવમાં રક્ષા બંધન એ બહેનને ભાઈ પ્રત્યે નિષ્પાપ નિર્મળ અને નિઃસ્વાર્થ ભાવે સેવેલી શુભેચ્છાઓનું પ્રતિક છે. બહેને સેવેલી શુભેચ્છાઓ ભાઈને તેના જીવનપથ પર આગળ વધવામાં પ્રેરક અને પોષક બને છે.

"સ્ત્રી તરફ વિકૃત દૃષ્ટિએ ન જોતાં પવિત્ર દૃષ્ટિ રાખ" એ મહાન સંદેશ આપનાર ભારતીય સંસ્કૃતીનાં આ શ્રેષ્ઠ પર્વને આપણે કુટુંબ પૂરતો મર્યાદિત બનાવી દીધો છે. આવુ સુંદર પ્રેમ બંધનનું, ભાવ બંધનનું કુટુંબ પુરતું જ મર્યાદિત રાખવું એ યોગ્ય ન ગણાય. આવા પર્વોનું સામાજીકરણ વૈશ્વિકરણ કરવું જોઈએ. સગા ભાઈ પ્રત્યેની કોઈપણ બહેનની દૃષ્ટિ નિર્મળ, પ્રેમભરી રહેવાની જ છે. જરૂર તો છે સમાજમાં સ્ત્રી તરફ જોનારી વિકાર દૃષ્ટિ બદલાવવાની. મારી સગી બહેન મને રક્ષા બાંધે તેના કરતા મારી સમવયસ્ક બીજી કોઈ બહેન મને રક્ષા બાંધે એમા તો શીલ બુધ્ધિની પરાકાષ્ઠા છે.

ટૂંકમાં રક્ષાબંધન એટલે સ્ત્રી તરફ જોવાની દૃષ્ટિ બદલાવવી. રક્ષા-બંધન એટલે ભાઈ-બહેનનાં વિશુધ્ધ પ્રેમનું અસ્ખલિત વહેતું ઝરણું, ભાઈ અને બહેન પરસ્પર પ્રેરક, પોષક અને પુરક છે એ સંદેશો આપનાર આ ઉત્સવ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય દેન છે.

રક્ષા બંધન આવે, ભાઈને બહેનથી મળાવે,
મંદ હાસ્ય કરીને બહેન, ભાઈને રાખડી બાંધે.



શાણા ને શીખ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

એરપોર્ટ ઉપર કોલાહલ સંભળાયો, જઈને જોયું તો જંબોજેટ એરોપ્લેન બની ઠનીને સજજ થઈ ગયેલું. સાતસો પેસેન્જરોનો જંગી કાફલો સવાર થઈ ચૂકેલો સરસામાનને ઈધણ બધું ઠીકઠાક. વળી સિગ્નલો પણ બધા મળી જવાં છતાં પ્લેન ઉપડવામાં વિલંબ શા માટે થઈ રહ્યો હતો તેની ચિંતામાં કોલાહલ વ્યાપી ગયો હતો. ઉંચી ઉડાન ભરીને સાત સમુંદર પાર પહોંચાડનાર પાયલોટ હાજર ન હતા. તેના આસિસટન્ટ હતા પણ તેનું મન સ્થિર ન હોવાથી પરમીશન મળી ન હતી. પરિણામે પાસપોર્ટ-વીઝાને ટીકીટ બધું ક્લીયર એવા સાતસો પેસેન્જરો સેવક-સેવિકાઓથી સજજ હોવા છતાં યોગ્ય પાયલોટની કમી રહી જતા લાખો કરોડોને અબજોપતિ વિલા મોઢે બેસી રહ્યાં.... હાલત તો કાંઈક આપણી પણ એવીજ છે. ચોર્યાશી લાખ યોની પસાર કરીને આવી પહોચ્યાં છીએ. મનુષ્ય અવતાર રૂપી એરપોર્ટ પર, હવે મોક્ષરૂપી મંઝીલ કાપવા તત્પર બની બેઠા છીએ. ભક્તિના ભાથા સાથે જ્ઞાન-વૈરાગ્યના સરસામાન પણ બાંધી લીધા છે. સંતો-હરિભક્તો રૂપી સહયાત્રીઓથી સત્સંગરૂપી જંબોજેટ પ્લેન પણ ખીચોખીંચ ભરાઈ ગયું છે. છતાં ઉંડા અફસોસનો નિઃસાસો એટલે નીકળી જાય છે કે એક માત્ર ખરેખરા સાચા સદ્‌ગુરૂની ઓળખાણના અભાવે અક્ષરધામના દિવ્ય સુખના ભોક્તા થઈ જવાનું પ્રયાણ સુધ્ધા શરૂ થઈ શકતું નથી. સત્સંગના નામે થતાં કોલહલથી સ્તબ્ધ થઈ જવાય છે. સમય અને શક્તિનો આટ આટલો વિલંબ અસહ્ય થઈ પડે છે. ત્યારે મુક્તાનંદ સ્વામી હાકલ કરે છે કે,

"સદ્‌ગુરૂ સાચા રે, સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર
જેને સંગે વાધ્યે રે, પ્રભુ સંગે પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર... સદ્‌ગુરૂ સાચા રે."

અમેરિકાના પ્રથમ પ્રેસિડન્ટ અબ્રાહમલિંકને કહેલું કે જીંદગી આખીમાં એક પણ સાચો મિત્ર ન મળવાનો અફસોસ રહી ગયો. શોધવા જતા સાચો મિત્ર મળવો આટલો દુર્લભ હોય તો ખરેખરા "લાખ મેં લાધે નહિ, ને કરોડમાં કોક, જાકું દેખી છાતી ઠરે, એવા સો લખન મેં એક" બાકર બચ્ચા લાખ, લાખે બિચારા, પણ ઓલું સિંહણ બચ્ચું એક, એકે હજારા, સોળ કળા શશી ઉગહી, તારા ગણ સમુંદાઈ, સબગીરી દાહ લગઈ એ પણ એક રવિ બિન રાત ન જાય.... એવી ખરેખરી અસલી અલમસ્તાઈમાં ડુબી ગયેલા સાચા સદ્‌ગુરૂ અતિ-અતિ દુર્લભ છે. જેનું સેવન કરવા મળે તેના મન-બુદ્ધિના વિકાર માત્ર ટાળી નાંખે છે. આજે ડોકટરો દવાને ક્લોરોફોમઆપી મગજના સ્નાયુઓને શિથિલ બનાવી ઊંડા ઘેનમાં જરૂર ધકેલી મુકે છે. પણ તે મનના વિકાર ટાળી તેને આત્માના ઓજસમાં ભેળવી દેવાનો અંતિમ લક્ષ આવા સદ્‌ગુરુ વિના ક્યાં પાર પડશે ? વળી અંતરની વિવિધ ઉર્મિઓ જે વીશ કોશના પ્રવાહમાં મિથ્યા મમત્વ બાંધવા ભટકતી ફરે છે. તેને એકઠી કરી પ્રભુ ચરણે પ્રીતડીના અતૂટ બંધને બાંધી દેવા જેવી અપાર દયા, આવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ વિના બીજું કોણ કરે ? અરે, જેના સાનિધ્યની હુંફમાં જ જાતિ-વર્ણ સહિતનો અહંકાર મૂળીયા સોતો શેકાઈને-બફાઈને સદાયને માટે છૂટો પડી જાય એવા સંત ઉપર સ્વયં મુક્તાનંદ સ્વામી પણ બલિહારી જાય, ઓવારી જાય, ન્યોછાવર થઈ જાય, એવા સદ્‌ગુરૂ ઉપર આપણા એક તો શું પણ સો-સો જન્મ કેમ કુરબાન ન થઈ જાય !!!

"વર્તમાન પાંચ રે, પળાવે દઢ કરી છે,
સંભળાવે હરિના ચરિત્ર, પરમ ઉદાર,
એવા ગુરૂદેવ રે, ગોવિંદ સમજાણીએ રે,
જેને સંગે પામીએ, ભવજળ પાર... સદ્‌ગુરુ સાચા રે"

ગોળ-ખોળ એક કરી ભષ્ટ થઈ ચૂકેલા સમાજમાંથી નીર-ક્ષીર છૂટા પાડી દારૂ માટી, ચોરી-અવેરી તથા

વટલાવું કે વટલાવવા જેવી વટાળ પ્રવૃતિમાંથી ઉગારી લઈ અમૃત જેવા મીઠીને શરદ પૂનમની ઝાકળમાં ઠરેલી સાકર જેવા શીતળ વાલમજી એવા હરિવરના ચરિત્રો અખંડ સંભળાવી પોષણ આપ્યા કરે એવા સંતનો મહિમા સ્વયં પ્રભુ સ્વામિનારાયણના શ્રીમુખના વચનામૃત ગ.પ્ર. ૩૭ માં કહે છે કે એવા સંતની ચરણરજ અમે પણ માથે ચડાવીએ છીએ તેના દર્શનને તો અમે પણ ઈચ્છીએ છીએ, તેને દુઃખવતા થકા મનમાં ડર લાગે છે... સારંગપુર-૧૦ માં લખ્યું છે કે "સંતના દર્શન થયા તેણે મનમાં એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનના દર્શન થયાં...." વળી ગઢડા અત્યં.-૨૬ માં લખ્યું છે કે "એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે....." અને આગળ વધતા સ્વામી કહે છે.....

"ગુરૂ બિન જ્ઞાન રે, ન પામે મન મુખી રે,
કહે છે એમ મહામુની ની વેદ પુરાણ
એવું તે વિચારી રે, સદ્‌ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ, પ્રગટ પ્રમાણ... સદ્‌ગુરુ સાચા રે."

મનધાર્યા અસંખ્ય અને અગણિત દાખડા કરનારા અંતે એના જ વમળમાં ફસાયા છે. ઈંગળા-પીંગળાની રમતે ચડી અંતે ઠેકડીને પાત્ર ઠર્યા છે. મનધારી હજારો વરસની તપશ્ચર્યા પણ પલભરમાં પાણીમાં વહી ગઈ કે કામ, ક્રોધમાં ઓગળીને અદૃશ્ય થઈ ગઈ, એવા દૃષ્ટાંતોથી વેદ, પુરાણો ભર્યા પડ્યા છે. માટે શુદ્ધ બ્રહ્મ સ્થિતિવાળા શ્રોત્રીય સદ્‌ગુરૂને શોધીને તેના વચને મન બુદ્ધિ સોંપી સેવન કરવાથી ભગવાન પામવાનો ઉધારો ટળી જાય છે. દેહ છતાં એક નવા જ રૂપમાં પ્રભુ પ્રત્યક્ષપણે પ્રગટ પામ્યાની પ્રતિતી થઈ જાય છે. અને ત્યારે જ તે જીવ કૃતાર્થ થયાનો અનુભવી ઓડકાર માણી શકે છે. ઉપસંહાર કરવા મુક્તાનંદ સ્વામી ગાય છે કે....

ગુરૂજીના વચન રે, વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ-મમતા અભિમાન,
મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતા રે,
તેને ઉરવાસ કરે ભગવાન..... સદ્‌ગુરુ સાચા રે.

રોજ સવારે લાખોનીં સંખ્યામાં બહાર પડતા ક્ષુલ્લક છાપાના ચોપાનીયાઓમાં છપાતી નિર્માલ્ય વાતો જેવા વેણ નિસ્તેજ નથી, પણ આ તો અનુભવીની એરણે વર્તનથી વિંધાયેલા અસલી મોતીના મોલે મૂલવાય એવા એક-એક ભારેખમ વજનવાળા આ વેણ છે. તેને સાંભળીને ઝીલવાના છે. ને પછી ઉરમાં તેને વાવવા જેવા છે. "હૈયાના હેતથી સિંચન કરી જાણપણાના દરવાજે તેના રખોપા કરવાના છે. કુમળા કોંટા ફુટશે તેને મોહ-મમતા ને અભિમાની તડકા કે વાવાઝોડાના વંટોળીયાથી સાચવી લઈશું તો સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામી પોતે ગેરેન્ટી આપે છે કે એવા સદ્‌ગુરૂના હૃદયમાં સ્વયં ભગવાન સદાને માટે વાસ કરે છે. અને પછી તો એ સદ્‌ગુરૂ રૂપે પ્રભુ પોતે જ વિચરતા થઈ જશે તો આપણે બહુ મોટા બડભાગી છીએ કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને શ્રી નરનારાયણદેવના ચુનંદા સંતો મળ્યા છે. તેના મોલ મુલવીએ ને પછી તો આફરીન થઈ ઓવારી જઈએ એના પ્રત્યેક વેણને નેણના ઈશારા પર.....

"ભગવાનને ભૂલશો નહિ"

ભાઈ ! સુખમાં કે દુઃખમાં,
ભગવાનને ભૂલશો નહિ.....
લખ ચોરાશીના ફેરા પછી આ,
માનવદેહ દેનારને,
તું ભૂલતો નહિ ભગવાનને .....
માનવદેહ ધર્યો છે, અવતારીને આરાધવા,
મોહ-માયામાં અટવાઈને,
તું ભૂલતો નહિ ભગવાનને .....
ચોર્યાશીના ફેરા પછી, મોક્ષ મેળવવા તું,
ભાઈ ! ભજી લે ભગવાનને,
તું ભૂલતો નહિ ભગવાનને .....
'હું' પદના હુંકાર, બહુ કીધા,
હરિનામ તેં કદી ના લીધા,
માટે ભગવાનને ભૂલતો નહિ .....
અહીંનું અહીં રહી જશે, તારું નાણું,
જાણીશ નહિ, ક્યારે આવે જવાનું ટાણું,
માટે ભગવાનને ભૂલતો નહિ .....
કાવા-દાવા ખૂબ કર્યા, સંપત્તિ કાજે,
હવે આવી ઊભું છે, યમનું તેડું આજે,
માટે 'નરનારાયણ' ભૂલતો નહિ .....



ભક્તિની સર્વોપરિતા

- સ્વામી વ્રજભૂષણદાસ ગુરુ સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી)

આપણા મોક્ષકારી સાધનોમાં ભક્તિનું મુખ્ય સ્થાન ગણવામાં આવ્યું છે. ભાગવતજીના માહાત્મયના પહેલા અધ્યાયમાં નારદજી કહે છે કે જેના હૃદયમાં ભક્તિ નિવાસ કરીને રહે છે તેવા ભક્તો સ્વપ્નમાં પણ યમરાજને નથી દેખતા. તો પછી જગતની તો વાત જ શી કરવી ? એવા ભક્તોને ભૂતો અને પ્રેતો સ્પર્શ કરતા પણ ડરે છે. ભગવાન તપ, વેદાધ્યયન, જ્ઞાન અને કર્મ વગેરે કોઈ પણ સાધનથી વશ થતા નથી. પરંતુ ભક્તિથી જ વશ થાય છે -

सकलभुवनमध्ये निर्धनास्तेपि धन्

निवसति हृदि येषां श्रीहरेर्भक्तिरेका ।

हरीरपि निजलोकं सर्वथातो विहाय

प्रवीशति हृदि तेषां भक्तिसुत्रोपनध्धः ॥

અર્થ : જેના હૃદયમાં ભગવાનની ભક્તિ નિવાસ કરીને રહે છે તે વ્યક્તિ નિર્ધન હોવા છતાં ધનિક છે. તેને ધન્યવાદ છે, કારણ કે તેઓની ભક્તિ રૂપી દોરીથી બંધાઈને સ્વયં પરમાત્મા પોતાના ધામને છોડીને ભક્તોના હૃદયમાં આવીને નિવાસ કરે છે.

એક વખત સુરતમાં વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને સભા વચ્ચે ઉંચા સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન થયા હતા. પછી શ્રીજી મહારાજ સર્વે ભક્તોને કહેવા લાગ્યા જે ! હે ભક્તજનો ! કોઈપણ ભક્તને પ્રશ્ન પૂછવો હોય તો તે સુખેથી મને પ્રશ્ન પૂછે. પછી બુદ્ધિમાન ભાલચંદ્ર શેઠે પૂછ્યું જે હે મહારાજ ! ભગવાનની ભક્તિ મનુષ્યોના સમગ્ર બંધનને છેદનારી છે. તે ભક્તિ વિષે તમોને પૂછું છું. તે ભક્તિ કેવા પ્રકારની છે ? પૃથ્વીમાં તે ભક્તિને દૃઢ અને અચળ પણે આશ્રય કરનારા લોકો કેવા પ્રકારના હોય ? અને ભક્તોમાં ભગવાનની કેવા પ્રકારની પ્રીતિ હોય તે અમોને કહો ?

ભાલચંદ્ર શેઠના પ્રશ્નો સાંભળી શ્રીહરિ તેનો જવાબ આપે છે. કે વૈશ્ચવર્ય ! તમારા પ્રશ્નોના જવાબ પરમાત્માની કૃપા વિના વિદ્વાનો પણ આપી શકે તેમ નથી. તે હું તમોને કહું છું આ લોકમાં માણસ પ્રથમ ભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુથી ભાગવતી દીક્ષા પામીને તે ગુરુથી ભગવાનની પ્રતિમાં પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવાની રીતિથી આળસે રહિત થઈ ભગવાનની ભક્તિ કરે અને ભગવાનમાં પ્રેમ સહિત અખંડવૃતિ રાખે તેને ભક્તિ કહેવાય છે ?

ભગવાનની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણની સેવા, પૂજન, નમસ્કાર, દાસપણું, ભગવાન સાથે સખા ભાવ અને આત્મ નિવેદન (હું તમારો છું) આ ભક્તિના નવ પ્રકાર કહ્યા. આ નવ પ્રકારની ભક્તિથી પરમેશ્વરને ભજવા. તેનાથી સકામભક્તો પોતાને ઈચ્છિત પદાર્થોને પામે છે. અને નિષ્કામ ભક્તો મુક્તિ ને પામે છે. સર્વકાળમાં પરમાત્મામાં જેમણે ચિત્ત મુકેલું છે. ભગવાનના ચિંતન વિના ક્ષણ પણ જેમની જતી નથી તેવા નિષ્કામી સંતો ભગવાનની મૂર્તિને જુએ છે. અને તેઓની સાથે વાતો પણ કરે છે. નિષ્કામ ભક્તો પ્રાપ્ત થયેલી બ્રહ્માદિ લોકની સંપત્તિ અને અણી આદિ અષ્ટ સિધ્ધિઓને પણ ઈચ્છતા નથી. તેમજ ભગવાનને બલાત્કારે અથવા ઈચ્છેલી આલોક્યાદિ મુક્તિઓની પણ સ્પૃહા કરતા નથી. તો પણ ભગવાન તેવા ભક્તોને દેવોને પણ દુર્લભ અતિ શ્રેષ્ઠ પોતાના ધામમાં રહેલા વૈભવો ભક્તોને આપે છે ?

નિષ્કામ ભક્ત ભગવાનને જેવો પ્રિય છે તેવા લક્ષ્મીજી પણ નથી. રાધિકા, બ્રહ્મા અને પોતાનો દેહ પણ ભક્ત જેવો વહાલો નથી. પરમાત્મામાં અતિશય ગાઢ પ્રેમ થાય તે નવ પ્રકારની ભક્તિ કરતા પણ

અનુસંધાન પેજ - ૧૪ પર...



ગુરુ પૂર્ણિમાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ

આપણે બહુ ભાગ્યશાળી છીએ. આ મંદિરમાં દર્શન કરવાનું તથા આ સભા મંડપમાં બેસવાનું જેનું બહુ ભાગ્ય હોય તેને જ મળે છે. કારણ કે બધું જ પ્રાપ્ય છે, પરંતુ આ બહુ દુર્લભ છે. જગતમાં ક્યાંક ભક્તિ છે તો ધર્મ નથી, ક્યાંક ધર્મ છે તો ભક્તિ નથી. ક્યાંક જ્ઞાનની બહુ મોટી વાતો થાય છે, તો ક્યાંક કેવળ વૈરાગ્યનું પ્રધાનપણું દેખાય છે. આપણને શ્રીજી મહારાજે આ ચારેયનું બેલેન્સ કરીને આપ્યું છે. આપણે બહુ સુખી છીએ તેનું કારણ આપણી બુદ્ધિ કે મહેનત નથી. મહારાજે રામાનંદ સ્વામી પાસે આપણા સૌના સુખ માટે જે બે વરદાન માંગ્યા તેના કારણે જ કેવળ મહારાજની કૃપાથી આપણે આજે બહુ સુખી છીએ. ભગવાનથી જેટલા નજીક રહેવાય, જેટલી આજ્ઞાઓ પળાય એટલું જ સુખ થાય છે. બહુ ચોખ્ખો હિસાબ છે ! બહુ પૈસાથી સુખ થતું નથી કે મોટા પદથી સત્તાથી પણ સુખ થતું નથી. સુખ માત્ર જીવનમાં ભગવાનનું પ્રધાનપણું રાખવાથી જ થાય છે. ગમે તેવા મોટા પુરુષ હોય તો પણ તેનું હૃદયમાં ધ્યાન થઈ શકતું નથી. ધ્યાન માત્ર ભગવાનનું જ થાય છે.

આપણે રોજ જે આરતી બોલીયે છીએ તેમાં આરતીની એક લીટી બહુ યાદ રાખવા જેવી છે. કાળ કરમથી છૂટી, કુટુંબ સહિત તરશે. કર્મ જગતના દરેક મનુષ્યને ભોગવવું પડે છે. તેમાંથી કોઈ છૂટી શકતું નથી. પરંતુ આપણને જે ભગવાન મળ્યા છે તે કાળ અને કર્મ પર લીટી મારી શકે છે. કાળ, કર્મ, પ્રારબ્ધ બધું જ મહારાજને આધીન છે. મહારાજ આ બધાથી મોટા છે. માટે આપણું પ્રારબ્ધ પણ ફેરવી શકે છે. આપણે ફક્ત મહારાજના ગમતામાં રહેવાનું છે. મહારાજની આંખ પારખતા આવડવું જોઈએ. આપણે કહીએ છીએ કે સત્સંગીના ગોળાનું પાણી પીવે તેનું પણ કલ્યાણ થાય. આવું ક્યારે થાય ? આપણને મહારાજ મળ્યા છે તેનો કેફ રહેતો હોય તો થાય. આપણું ઘર એ એક મંદિર હોવું જોઈએ. આપણી સઘળી સારી ક્રિયા જોઈને આપણા બાળકોમાં સારા સંસ્કાર પડે છે. દીકરા-દીકરીઓને જો સત્સંગના સંસ્કાર નહીં આપો તો દીવા પાછળ અંધારુ થાય અને તેથી આપણે પણ દુઃખી થવું પડે. મંદિરના દરવાજામાં પ્રવેશ કરીએ એટલે સત્યુગ લાગે. કારણ કે અહીં મહારાજે કળિયુગનો પ્રવેશ થવા દીધો નથી, બાકી પગથિયા ઉતરીને મંદિરની બહાર નીકળીયે એટલે ચારે બાજુ કળિયુગ છે.

મહારાજ આપ સૌને આજ્ઞા પાળવાનું ખૂબ બળ આપે અને ખૂબ સુખી કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ દ્વારા કીર્તનની સીડી અને ભક્તિ ચિંતામણી ગ્રંથનું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી આપણા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા "તમે મીઠું બોલોને" એ ટાઈટલથી બાળ કલાકારશ્રી રિંકલ પટેલના મધુર મીઠા સ્વરમાં ગવાયેલ નંદ સંતો રચિત કીર્તનની સીડી તૈયાર કરવામાં આવી છે. જેમાં વિશેષ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદનો દિવ્ય લાભ મળશે. જેમાં પ.ભ. કાંતિભાઈ પટેલે (ભગવાનપુરાવાળા હાલ સાઉથ કોરિયા) સૌજન્ય સેવા આપી છે. તેજ રીતે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્ત ચિંતામણી ગ્રંથનું પુનઃપ્રકાશન કરવામાં આવ્યું છે. જેમાં પ.ભ. અશોકભાઈ પટેલ (માંડવી-કચ્છ હાલ લંડન) પરિવાર તરફથી આ પુસ્તકની સૌજન્ય સેવા મળી છે. આપણા સાહિત્ય કેન્દ્ર પરથી ઉપરોક્ત સાહિત્ય પ્રાપ્ત થશે.



અક્ષરધામની કેડી એટલે સ્વામિનારાયણ મ્યુઝિયમ

- જ્યંતીભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

પોતાના પિત્રીઓના કલ્યાણ માટે ભગીરથ ઋષિએ આકરૂ તપ કરીને પણ ગંગાજીને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર પ્રગટ કરાવી. ગંગાજીના માધ્યમથી આજ દિન પર્યંત તેમજ આવનાર યુગો પર્યંત જીવોનાં પાપ ધોવારૂપી પરોપકારી કાર્ય કર્યું છે. તેવી જ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાશલક્ષી આયોજનોના સ્વપ્ન દ્રષ્ટા અને સંકલ્પ શિલ્પી શ્રીહરિના અપર સ્વરૂપ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના દિવ્ય સંકલ્પરૂપે સંપ્રદાયના ઈતિહાસમાં સૌ પ્રથમ અમદાવાદ-નારણપુરા ખાતે એક ભવ્ય-દિવ્ય સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ થઈ રહ્યું છે. આહા કેવો અદ્‌ભૂત વિચાર આપણા મોટા મહારાજશ્રીનાં હૃદયમાં પ્રગટ થયો હશે કે સ્વામિનારાયણ ભગવાનની અંગભૂત પ્રસાદીની વસ્તુઓ જે અમૂલ્ય છે અને અનેક સત્સંગીઓનાં ઘરમાં છૂટી છવાઈ પડેલી છે. તેની યોગ્ય સાર-સંભાળ પણ રોજબરોજનાં વ્યવહારમાં રાખવી મુશ્કેલ છે. તેથી તે સઘળી પ્રસાદીની વસ્તુને એક જગ્યાએ વૈજ્ઞાનિક ઢબે યુગોપર્યંત જેમછે તેમ સચવાઈ રહે અને તેનાં દર્શન અનેક મુમુક્ષો સહેલાઈથી કરી પોતાનો મોક્ષ પાકો કરી શકે તેવા ઉમદા હેતુથી સ્વામિનારાયણ મ્યુઝિયમ આકાર લઈ રહ્યું છે.

ગઢડા પ્રથમના ૬૩ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે જણાવ્યું છે કે "યથાર્થ નિશ્ચય કોને કહેવાય અને તેનાં શા લક્ષણ હોય. જેમાં શ્રીજી મહારાજ કહે છે કે "ભગવાનના ખાનપાન વસ્ત્ર-અલંકાર ઈત્યાદિને નિર્ગુણ અને કલ્યાણકારી જાણે તેને જ ભગવાનનો પરિપક્વ નિશ્ચય થયો કહેવાય અને તેમાંજ કલ્યાણકારી ગુણો આવે. કોઈ પણ વસ્તુ કે પદાર્થ ભગવાનનાં સંબંધને લીધે ભગવાન તુલ્ય થાય છે અને જેના દર્શન માત્રથી મહા ફળની પ્રાપ્તિ થાય છે. જગતમાં એક સર્વ સામાન્ય સિદ્ધાંત પ્રવર્તે છે કે જેની જોડે જેવા સંબંધ થાય તેને તેવા ગુણની પ્રાપ્તિ થાય છે, તે મુજબ અહિ પણ પરાત્પર નારાયણનાં સંબંધમાં આવેલ સઘળા પદાર્થો નિગુર્ણ અને કલ્યાણકારી હોય છે જેનાં દર્શન માત્રથી કલ્યાણની ખાત્રી થઈ જાય છે. એક સત્ય ઘટના મુજબ એક પરોક્ષનાં ભક્તને ગઢપુર સ્વામિનારાયણ મંદિર જવાનું થયું ત્યારે તે ભક્તને મંદિરનો દરવાજો ખૂબજ ગમી ગયો જ્યાં જાય ત્યાં મંદિરના દરવાજાના ખૂબજ વખાણ કરે અને કહે કે કેટલો સરસ આ મંદિરનો દરવાજો છે. દેહના અંતિમ દિવસોમાં આ સ્વામિનારાયણ મંદિરના દરવાજાની સ્મૃતિને લીધે શ્રીજી મહારાજ તેમને અક્ષરધામ તેડી ગયા. આવા તો સંપ્રદાયમાં અનેક પ્રસંગો છે.

પંચાળામાં શ્રીજી મહારાજ પંક્તિમાં સેલણ પિરસતા હતા. જેમાં એક ખૂબજ દરિદ્ર પરોક્ષનાં વ્યક્તિને પણ સેલણ પાયુ હતું. ત્યારથી તે સેલણનાં સ્વાદને ખૂબજ યાદ કરતા અને જીવનનાં છેલ્લા દિવસોમાં સેલણ યાદ આવી જવાથી શ્રીજી મહારાજે તે ભક્તને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. આ છે મહારાજની સંબંધવાળી વસ્તુનો પ્રતાપ. પરંતુ સેલણને બદલે અન્ય કોઈ પદાર્થના સ્વાદમાં બંધાયા હોત તો તેમની શી ગતિ થાત તો મરીને ભૂત-પ્રેતની યોનિમાં જવુ પડ્યું હોત. અરે ! ભૂત, પ્રેત કે વળગાડ જેવી તકલીફ ધરાવતી વ્યક્તિને પણ ભગવાનને ધરાયેલું જળ જો પીવડાવવામાં આવે તો તે નહિ પીવે. કારણ ભૂત-પ્રેતને પણ ખબર પડે છે કે ભગવાનની પ્રસાદી વાળુ જળ પીવાથી મારે આ વ્યક્તિનાં શરીરમાં રહી નહીં શકાય.

શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮ માં વચનામૃતમાં પણ જગતની સગુણ વસ્તુ અને ભગવાનના સંબંધવાળી નિર્ગુણ વસ્તુ બંને વચ્ચે શું તફાવત છે તે જણાવતા કહે છે કે,

"તમો અમારા છો માટે જાણીએ છીએ જે આ વાત છે તેને સમજીને તે પ્રમાણે વર્તે તેજ મુક્ત થાય અને તે વિના તો ગમે તેવો વિદ્વાન પંડિત હોય દરેક શાસ્ત્રોના અર્થને જાણતો હોય ભણતો હોય તો પણ તે મુક્ત થાય નહિ. આમ કહી શ્રીજી મહારાજે જગત સંબંધી પંચ વિષય શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ કેટલી હદે જીવને ભ્રષ્ટ કરી કલ્યાણનાં

માર્ગમાંથી પાડી નાખે છે. જ્યારે આજ પંચવિષય ભગવાન સંબંધી નિગુર્ણ પદાર્થનાં દર્શન સેવન માત્રથી આ લોકની મુક્તિ અને પરલોકની મુક્તિને પામે છે. શ્રીજી મહારાજે આ વચનામૃતને ચરિતાર્થ કરી લાખો કરોડો જીવનાં કલ્યાણને માટે જ પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજને સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણની પ્રેરણા કરી જ હશે ને? અહીં મુમુક્ષુ આત્માઓ સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આવી શ્રીજી મહારાજની અંગભૂત પ્રસાદીની વસ્તુઓના સહેલાઈથી દર્શન કરી-મનન-ચિંતવન અને નિદિધ્યાસ દ્વારા પોતાનો મોક્ષ માર્ગ સરળ કરી શકશે.

અત્યારે જગતમાં પરોપકારના કાર્યનું નામશેષ પણ રહ્યું નથી. ત્યારે અનંત જન્મોથી ભવાટીમાં ભટકતા જીવાત્માને આત્યંતિક કલ્યાણનાં માર્ગે લઈ જવાના શુભ હેતુથી આપણા મોટા મહારાજશ્રીએ સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણનું કાર્ય હાથ ધર્યું છે. આ મ્યુઝિયમના માધ્યમથી જ હાલ જીવાત્માઓ તેમજ આવનાર યુગો પર્યંતની પેઢીઓનાં જીવાત્માઓ પણ પોતાનું કલ્યાણ સાધી શકશે. એક આત્માને ભગવાન સન્મુખ કરે તેને બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ પ્રાપ્ત થાય છે તે ન્યાયે આપણા મ્યુઝિયમનાં માધ્યમથી અસંખ્ય આત્માઓને ભગવાન સન્મુખ કરવાનો શુભ આશય આમાં પ્રગટ થાય છે. આમ સ્વામિનારાયણ મ્યુઝિયમ ફક્ત આપણા દરેકનાં જીવનાં કલ્યાણ માટે જ છે. એટલા માટે સંપ્રદાયનાં નાના મોટા દરેક હરિભક્તોએ પોતાનું યોગ-દાન કરી ધન્યતા પ્રાપ્ત કરી લેવી. હવે મ્યુઝિયમ લગભગ પૂર્ણતાનાં આરા ઉપર છે. તો જો જો ભક્તો આપણે પણ આ સેવા કાર્યથી વંચિત રહી ન જઈએ તે માટે આપણું યોગ-દાન સત્વરે જમા કરાવી શ્રીહરિની પ્રસન્નતા મેળવી લેવી. દેહનો કોઈ નિર્ધાર નથી. એક ભાઈને લગ્નનાં ચાલું ગરબામાં મૃત્યુ ભેટી ગયું. અમારા પડોશમાં તાજેતરમાં જ સારા હરિભક્ત હતા જેઓ બપોરના ૧૨ વાગ્યા સુધી ખૂબજ સ્વસ્થ સારી રીતે વાતચીત કરતા કરતા બપોરના ૧ વાગ્યાને સુમારે એટેકના જોરદાર હુમલામાં જ અક્ષરવાસી! જુઓ દેહનો ક્ષણ માત્ર પણ ભરોંસો કરાય તેમ છે ? એટલા માટે શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે, "ધર્મ સંબંધી કાર્ય તત્કાલ કરવું." સેવા કરવાનો સંકલ્પ થાય કે તુર્તજ સેવા કરી લેવી. કારણ શુભ સંકલ્પ પણ જન્મ ધરાવે છે. સંપ્રદાયમાં સર્વ વિદિત વાત છે કે ગઢપુરના લાધા ઠક્કરની માતુશ્રીને શ્રીજી મહારાજને જાતે રસોઈ બનાવી થાળ જમાડવાનો સંકલ્પ મનમાં રહી જતાં પુનઃ સત્સંગમાં જન્મ લઈ થાળ જમાડવાનો શુભ સંકલ્પ પૂર્ણ થયા બાદ જ ધામની પ્રાપ્તિ થઈ. નશ્વર શરીરનો કોઈ ભરોંસો નથી. માટે સ્વામિનારાયણ મ્યુઝિયમની સેવા માટેનો કોલ તો આપણા ઈષ્ટદેવ અને પ.પૂ. મોટા મહારાજશ્રીનો છે તેને પ્રતિસાદ આપવો તે દરેક સત્સંગી માત્રની પવિત્ર ફરજ છે. આ લેખનું વાંચન કર્યા બાદ તૂર્તજ આપણી પવિત્ર ફરજની પૂર્તિ થાય તેમ કરવું. અન્ય કોઈ સત્સંગીને આની જાણ ન હોય તો તેને આ બાબતની જાણ કરવીને તેમને પણ સેવા યજ્ઞનાં કાર્યમાં સામેલ કરવા તે પણ મોટી સેવા જ છે. એક નાનો પ્રસંગ ખૂબજ સમજવા જેવો છે. એક સારા હરિભક્ત કે જેમની આર્થિક સ્થિતિ ઘણી સાધારણ હતી. પરંતુ આ સેવા કાર્ય આપણા ઈષ્ટદેવનું છે તેવું સમજી યથાયોગ્ય સેવા કરવાનું મનોમન નક્કી કરેલું. પરંતુ પરિસ્થિતિ નાજુક હોવાથી પોતાનો સેવાનો શુભ સંકલ્પ ખેંચાતો જાય. દરમ્યાન પોતાને શરીરે માંદગી આવી અને માંદગીએ જોર પકડ્યું. ભગતને થયું કે શું મારો સંકલ્પ અધૂરો જ રહી જશે? ભગવાન તો ગરીબના બેલી છે તે ન્યાયે ભગતની તબિયતમાં થોડો સુધારો થયો કે તૂર્તજ ભગત સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રૂબરૂ જઈ પોતાની યથાશક્તિ સેવા લખાવી. ખૂબજ પ્રફુલ્લિત મનથી ધન્યતા અનુભવતા એક અઠવાડિયામાં જ મહારાજના ધામમાં સિધાવ્યા. શ્રીજી મહારાજને પણ ભગતની સેવા મ્યુઝિયમમાં અપાયા બાદ જ ધામ આપવાનું મંજુર હશે ને? આ કાર્ય શ્રીજી મહારાજનું છે. તે આ વાતની પૂર્તિ કરે છે.

સંસારીનાં ઘરમાં અનેક પ્રસંગો આવતા જ રહે છે. લગ્ન વાસ્તુ પૂજન, મરણ ઈત્યાદિ અનેક પ્રસંગોએ હજારો લાખ્ખો રૂપિયાનું ખર્ચ સમાજના મોભા પ્રમાણે કરવું પડતું હોય છે. આમાં કોઈ કલ્યાણ સમાયેલું નથી. છતાં મોભો સાચવવા કરવું પડે છે. માટે આત્માના કલ્યાણને પ્રથમ ક્રમઆપી મહારાજને રાજી કરી લેવા. સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ કાર્ય મુમુક્ષુ આત્માઓને ભગવાન સમીપે લઈ જઈ મોક્ષ પ્રાપ્તિનું લક્ષ સિધ્ધ કરવાજ મોટા મહારાજશ્રીએ જહેમત ઉઠાવી છે તેમાં સહભાગી થવા અને મ્યુઝિયમનું કાર્ય સત્વરે સંપન્ન થાય તે માટે આપણે દરરોજ શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના કરવી. સહિયારા શુભ સંકલ્પની પ્રાર્થના મહારાજ જરૂર સાંભળે છે.

અનુસંધાન પેજ ૧૦ નું ચાલું...

સર્વોત્તમ છે. ભક્તિથી ભજનારાં લોકોને જ્યાં સુધી ગાઢ સ્નેહ થાય નહિ ત્યાં સુધી ભક્તિ અંકુર અવસ્થામાં રહે છે. આ પ્રમાણે વિવેકી ભક્તોએ જાણવું?

હે ભાલચંદ્ર ભક્ત ! ભગવાનમાં અખંડ પ્રીતિપરાયણ સાધુજનના સમાગમથી ભક્તિની દ્રઢતા નિરંતર કરવી. ભક્તિ કરવામાં પ્રેમવાળો હોય અને ભક્તિની દ્રઢતા થઈ ન હોય એવો ભગવાનનો ભક્ત, ક્યારેક કુસંગના યોગથી ભક્તિથી પડી જાય છે, તો પણ ભક્તિતો વ્યર્થ જતી જ નથી. એ ભક્તિ બીજા જન્મમાં પણ ફરી એ ભક્તને પામે છે. માટે વિવેકી ભક્તોએ સત્પુરુષોના વચનમાં વિશ્વાસ રાખી પ્રભુમાં પ્રીતિ કરવી. જે ભક્તો હોય તેઓએ તો પોતાના થકી બીજામાં જ્ઞાન વૈરાગ્ય વગેરે શ્રેષ્ઠ ગુણો વધારે હોય તેવા ભક્તોને નમસ્કાર કરવા. ગરીબ ભક્તોને માતા-પિતાની જેમ સુખ કરનારા વચનોથી બોલાવવા. ગુણોથી સમાન સાધુઓ સાથે ભાઈઓની માફક સ્નેહ રાખવો. અને સ્ત્રી લંપટ, પાખંડી, વ્યસની, ક્રોધી, લોભી, ખળ અને પાખંડ ધર્મનું પાલન કરનારાઓ - આટલા વ્યક્તિઓનો સંગ ન કરવો.

જે ભક્તજન શ્રીહરિની ઈચ્છાથી જે કાંઈ વ્રતો, તપો, નિયમો અને ધર્મોનું પાલન કરે છે તે વ્રત વગેરે ભક્તિની વૃદ્ધિ કરનારા થાય છે. ચોરાશી લાખ યોનીમાં ભ્રમણ કર્યા પછી પ્રાપ્ત થયેલ અને દેવોએ પણ ઈચ્છેલો મનુષ્ય દેહ પામીને બુદ્ધિશાળી પુરુષોને વિષયોથી નિવૃતિ થવી અને પરમાત્મામાં સ્નેહ થવો એજ ફળ છે?

ભગવાનમાં જે ભક્તો ને સ્નેહ હોય તેવા ભક્તો ભગવાનનાં ચરિત્રો સાંભળતા હોય અથવા કહેતા હોય તે સમયે તેઓના અંતકરણમાં આનંદનો પ્રવાહ નેત્રો દ્વારા બહાર આવે છે. અર્થાત પ્રેમી ભક્તો ચરિત્ર કહેતા અથવા સાંભળતા રડી પડે છે?

હે ભાલચંદ્ર ! આ પ્રમાણે જે ભક્તોને ભગવાન સાથે પ્રેમ સહિત ભક્તિ હોય તેવા ભક્તો સાથે ભગવાનને ગાઢ પ્રીતિ હોય છે. અને તેવા ભક્તોના સંપૂર્ણ મનોરથ ભગવાન પૂર્ણ કરે છે. પ્રભુમાં હેત કરવા માટે દેવપણું, સાધુપણું, નિયમો, વ્રતો, દાનો અને ઘણા શાસ્ત્રોનું જાણપણું એ કામ આવતા નથી. પરંતુ ભક્તિ જ આવે છે. નિર્મળ ભક્તિથી અર્પણ કરેલું જળ, ફળ, પુષ્પ, પાન અને ચોખા વગેરે ભગવાન જમે છે. અને ભક્તિ વિના અનેક પ્રકારના મિષ્ઠાનોને પણ જમતા નથી?

આ જન્મમાં અથવા અનેક યોનિઓમાં ફર્યા પછી પણ ભગવાનના ધામની પ્રાપ્તિ ભક્તિ વિના થતી જ નથી. જે પુરુષ સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી પરાભવ પામ્યો નથી અને ક્રોધરૂપી રાત્રીમાં જાગતો રહે છે. તે પુરુષને પ્રભુમાં પ્રીતિ થાય છે.

બાળક, સ્ત્રી, દર્પણ, પોતાના સંબંધી, રાગ, ધન, માદક વસ્તુ અને હોળીના દિવસે ખેલ. આ આઠમાં જે ભક્તનું ચિત્ત તણાતું નથી. અને ભગવાનમાં જ એક સ્નેહ રહે છે. તેવા ભક્તોની તો ચરણરજને તો દેવો પણ ઈચ્છે છે. આવા સાધુજનો જે હોય તેઓને જ ગુરુ કરવા અને તે પૂજવા યોગ્ય છે. જે પુરુષો આવા સંતોને છોડીને બીજાઓને ગુરુ કરે છે. અને પૂજે છે. તો તેવાઓમાં અને પશુઓમાં કંઈપણ ફેર નથી?

શ્રીજી મહારાજની આવી પરાવાણી સાંભળી ભાલચંદ્ર શેઠ આનંદ પામ્યા. ત્યાર પછી તેમણે મુક્તાનંદાદિ સંતોનું પૂજન કર્યું. આ રીતે એકાંતિક ધર્મના જ્ઞાનમય પ્રશ્નોત્તરથી સમગ્ર ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ સુરતમાં સાત દિવસ રોકાયા.

આપણે ભક્તિની મોટપ સાંભળી. મોક્ષકારી સાધનોમાં ભક્તિને જ મુખ્ય ગણવામાં આવી છે અને અન્ય સાધનતો તેના સહાયરૂપ કહ્યા છે. પરમાત્માને સાકાર માનનારા તમામ સંપ્રદાયોએ ભક્તિને જ સર્વોપરિ કહી છે. બીજાઓની વાત એક બાજુ મુકી ખુદ અક્ષરાધિપતિ ભગવાન સ્વામિનારાયણના હૃદયગત અભિપ્રાયો જોઈએ તો જણાઈ આવશે કે ભક્તિ જ પ્રભુમાં પ્રેમ કરનારી છે. અને મોક્ષની નિસરણી છે.



સત્સંગ સુરભિ

ડાહ્યું કોણ ?

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

રતો બસિયો કરીને એક કાઠી જીવા ખાચરના ભવનમાં રહેતો. રાજબાઈનો કાંઈક સંબંધી હતો. તેને ચિત્ત ભ્રમનો રોગ હતો એટલે અર્ધપાગલની જેમ વર્તે. ઉંમર અઢાર વર્ષની હતી. દેખાવમાં કોઈ રાજા જેવો ગૌર વર્ણનો હતો. શ્રીહરિએ એને ભક્ત કર્યો હતો. લોકો 'જય સ્વામિનારાયણ કહે પણ રતો ક્યારેય બોલે પણ નહિ અને સામું પણ ન જુવે ! પરંતુ જેવા સ્વામી શ્રી સહજાનંદજી મહારાજને જુએ કે દૃષ્ટિ એકાકાર રાખીને બસ મહારાજને નિરખ્યા કરે !

શ્રીહરિ એને પોતાનો ભાઈબંધ જેવો માનતા. મહારાજ જ્યારે એને દેખે ત્યારે પ્રસન્ન થઈ બોલે કે "હમણાં જ અમારા ભાઈબંધ અમારી પાસે આવીને બેસશે" અને રતો રીતસર મહારાજની પાસે આવી પગે લાગી બેસી પણ જાય ! મહારાજ પૂછે, "કેમ શું જમ્યા ? ચાલો ભૂખ્યા હોય તો જમાડીએ." એમ કહીને મહારાજ જમાડે પણ ખરા. મોટા સંતથી પણ એણે વધારે લાભ લીધો. શ્રીહરિ જમતા હોય ને તેને આવતો જુએ તો બોલાવીને જમાડતા.

શ્રીહરિ જ્યારે જ્યારે આવે ત્યારે બજારમાં તેને ખભે હાથ મૂકીને ઘણીવાર ચાલતા. જાણે પોતાનો લંગોટિયો ભેરૂબંધ હોય તેમ ! એક દિવસ જીવા ખાચરના દરબારમાં શ્રીહરિ સભા મધ્યે બિરાજમાન હતા. ત્યાં દૂરથી રતો કાઠી આવતો જોયો. આજે એને સભામાં કોઈક કારણસર આવતાં મોડું થયું હતું. રતાને જોતાં જ શ્રીહરિ ઉભા થયા અને સામે ચાલીને તેના ખભે ભાઈબંધની જેમ હાથી મૂકીને સિંહાસન તરફ એને દોરી ગયા. દરમ્યાન મહારાજ એની સાથે કંઈક વાતચીત કરતા હતા.

આખી સભા આ દૃશ્ય જોઈ રહી. એક ચિત્ત બ્રહ્મ થયેલ અર્ધપાગલ જેવા આ રતા બસિયામાં એવું તે શું મહારાજ ભાળી ગયા છે કે જ્યારે જુએ ત્યારે "અમારા ભાઈબંધ આવ્યા" એમકહે છે?

સભામાં બિરાજમાન સૌ સંતો અને હરિભક્તો ના મનમાં આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

મહારાજે રતાને પોતાની પાસે બેસાડ્યો. પછી સભા સમક્ષ દૃષ્ટિ કરી જાણે સૌના મનને વાંચી લીધું ! ધીરે રહીને મહારાજ બોલ્યા:

"આજે અમે રતાના ખભે હાથ મૂકીને અમારા ભાઈબંધ સાથે વાતો કરતા હતા તે શું વાત મહારાજ કરતા હશે એવું કૌતુક તમને બધાને થયું. ખરું ને ? પરંતુ આજે અમે રતાને પૂછ્યું, "મનમાં જે ઈચ્છા હોય તે કહેજો. અમે તમારા ભાઈબંધ છીએ તમારે જે જોઈએ તે અમો આપીશું" ત્યારે અમારા ભાઈબંધ શું બોલ્યા તે જાણવું છે ? એ બોલ્યા, "તમે તો ભગવાન છો, તમારાથી કાંઈ અધિક નથી, તમારાથી કાંઈ અધિક જોઈશું ત્યારે માંગીશું. તમારે શરણ આવ્યા ત્યારથી બધી તૃષ્ણા નાશ પામી છે. દુઃખમાત્ર ટળી ગયા છે, બધી સુખ સંપત્તિ મળી છે છતાં માંગીએ તો ભિખારી કહેવાઈએ."

મહારાજ આગળ બોલ્યા, "બોલો કેવી સમજણ છે અમારા ભાઈબંધની ! અમારી પાસે અવારનવાર મોટા મોટા સંતો આવે છે ને ફરિયાદ કરે કે હે મહારાજ! આ વર્તમાન બહુ કાઠા પડે છે. કંઈક હળવાં કરો ! તો ગૃહસ્થ હરિભક્તો પણ જગતની વિટંબણાઓ લઈને આવે છે ને કહે છે મહારાજ ! બસ આટલી દયા કરો ! જ્યારે આ અમારા રતા ભાઈબંધને અમે વારંવાર કંઈક માંગવાનું કહીએ ત્યારે કહે છે કે બસ મહારાજ આપ મળ્યા ત્યારથી અમારી જન્મોજન્મની ખામી ભાંગી ગઈ છે પછી શું માંગવાનું હોય !" તમે બધા રતાને પાગલ જેવો ગણી એને હડ્‌ધૂત કરો છો. એનું અપમાન કરો છો પણ અમારા રતા જેવો ડાહ્યો આ સભામાં એકેય અમને લાગ્યો નથી ! તમે જ કહો કે ડાહ્યું કોણ ? તમે કે અમારા આ ભાઈબંધ?"

આટલું કહી મહારાજ શાંત બેસી રહ્યા. સમગ્ર સભામાં જાણે સન્નાટો છવાઈ ગયો. આ અર્ધપાગલ જેવા જણાતા અઢાર વર્ષના છોકરામાં આટલી ઊંચી સમજણ ! વાહ રતા વાહ ! મહારાજની પાસે શાંત મુદ્રામાં બિરાજમાન રતા બસિયાને સભાજનો મનોમન વંદી રહ્યા.

અંતે મહારાજ બોલ્યા : "આવા સાચા અને પ્રેમીજન ઉપર અમને બહુ જ પ્રેમ થાય છે. સત્સંગમાં જ્યાં સુધી રસ જણાય નહિ ત્યાં સુધી નામમાત્ર સત્સંગી કહેવાય. પરંતુ અમને ભગવાન જાણ્યા પછી અમારા ભાઈબંધની જેમ બધી તૃષ્ણા નાશ પામી જાય ત્યારે જ એ અમારા સાચા સત્સંગી અને ડાહ્યા સત્સંગી કહેવાય." આટલી શીખ આપી શ્રીહરિ ઊભા થયા. મંદિરમાં સંધ્યા આરતીની ઝાલરો રણકી ઊઠી. સૌને આજે એ રણકાર રોજ કરતાં અધિક મીઠો લાગ્યો. જાણે આજે મહારાજ જેવા છે તેવા ઓળખાયા માટે !



સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ભક્તવત્સલ ભગવાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જુના જમાનામાં માણસો નામ બધા આવાં પાડતા. કચરા, ડુંગર ને ઉકરડા. ધરમશી ને ડુંગરશી, આવાં બધાં નામો, પરંતુ કામ જુઓ તો માણસોનાં અદ્‌ભુત હતાં. અત્યારે નામતો એવાં સરસ થયાં છે. કોઈ ભાઈના નામ જરા લખી રાખવા પડે છે, નહીં તો ભૂલી જવાય છે. પણ કામ જુઓ તો બિલકુલ કચરા જેવાં થઈ ગયાં. નામ એવા ગુણ રહ્યાં નહીં.

સ્વામિનારાયણ ભગવાન અંજારમાં કચરાભગતને ઘેર એકલા જ પધાર્યા. ભક્ત બહુ રાજી રાજી થઈ ગયા. મહારાજ ! તમે ! રામાનંદ સ્વામી મને આશીર્વાદ આપીને ગયેલા. તું શાંતિથી તારે ઘેર રહેજે, તારે જાત્રા કરવાની જરૂર નથી. બધીજ જાત્રા તારે ઘેર સામે ચાલીને આવશે. આજે મારે ત્યાં સર્વે તીર્થો પધાર્યા.

કચરા ભક્તની સ્થિતિ ગરીબ હતી. પ્રારબ્ધમાં સુખ હતું પણ વ્યવહારમાં જરા વિચાર ન કર્યો એટલે દુઃખી થઈ ગયા. ઘણી વખત માણસ પોતાના લીધે દુઃખી થાય છે. વ્યવહારના કાર્ય કરવાં હોય તો બહુ વિચારવું. એકદમ વ્યાકુળ નહીં બની જવાનું. વેગથી કોઈ કામનહી કરવાનું. ધીર-વીર બનીને વિચારીને જેનો વિશ્વાસ હોય એવા હિતેચ્છુની સલાહ લઈ પછી કામ કરવું. વ્યવહારના કામમાં કુદકા નહીં મારવાના.

કચરા ભક્ત પાસે થોડા રૂપિયા હતા. લગભગ પાંચ હજાર. એ જમાનામાં પાંચ હજાર રૂપિયા એટલે અત્યારના પાંચ લાખ કરતા વિશેષ. હવે પાંચ હજાર રૂપિયામાં કોઈએ એમને કહ્યું કે રૂપિયા બીજાને આપીએ તો એનું વ્યાજ સારૂ આવે. રૂપિયા વધ્યા કરે. ઘરમાં પડ્યા પડ્યા રૂપિયા ઘસાય અને બીજે રૂપિયા રાખ્યા હોય તો વધે. વગર વિચારે કોઈની વાણી સાંભળીને આ કચરા ભક્તે કોઈને પાંચસોને કોઈને સાતસો, કોઈને હજાર, બે હજાર આમ ઉછીના આપ્યા. પણ સંસાર, સમાજ એ બધા કાંઈ નીતિ મત્તા ઉપર ચાલતા નથી. પૈસા હાથમાં આવ્યા પછી કચરા ભગત જ્યારે ઉઘરાણીએ જાય ત્યારે કહેશે આવતે મહિને વાત. આપણે દિવાળી ઉપર આપી દઈશું, અરે હોળી કરતાં પહેલાં તમારૂં દેવું ચૂકતે. કચરા ભક્તને કોઈ કાંઈ આપે નહી. મૂડી તો અટકી પડી પણ વ્યાજે આવતું બંધ. બહુ દુઃખી થઈ ગયા. ગરીબ હતા એનું કોણ સાંભળે ! એની મદદમાં કોણ આવે?

પ્રભુ આજે ઘેર પધાર્યા. કચરા ભક્ત દોડીને ઉછીની ક્યાંકથી સાકર લઈ આવ્યા. લગભગ અડધો શેર. મહારાજને ચરણે મુકી. ભગતને ખબર નથી કે ભગવાન છેક સમુદ્રની ખાડી ઉલ્લંધીને આવ્યા છે. ભૂખ્યા હશે. શું કરવું ? ઘરમાં કાંઈ ન મળે. શ્રીજી મહારાજ સાકર હાથમાં લઈને ફેરવે છે. ભગત ! સાકર તો બરાબર... તમે ભલે ભેટ આપી. અમને આનંદ થયો પણ અમારે ભોજન કરવું છે. આપ રાજી થશો એમ કરીશ. ત્યાં તો મહારાજ ઉભા થઈ ગયા. ઉભા થઈ સ્વયં રસોડામાં. ભગત ! લોટ ક્યા ડબ્બામાં ? મહારાજ ! હું ક્યારનો મુંઝાઉં છું. પણ ! લોટ તો છે. પણ ઘી નથી. શ્રીજી મહારાજ કહે છે, ક્યાં છે ઘીનું પાત્ર ? મોટી પાંચ કિલો ભરાય એવી બરણી બતાવી. આ ઘીનું પાત્ર છે. પણ મહારાજ ! છ મહિનાથી ખાલીને ખાલી છે. હવે બે દિવસમાં ભરાઈ જશે. તમે ચિંતા ન કરતા. હસતા વદને હરિ બોલ્યા.

શ્રીજી મહારાજે જાતે ચૂલા પાસે બેસી ચૂલો પેટાવી ભાખરીઓ બનાવી. બિલકુલ કોરી ! અંદર મોણ પણ નહીં, મીઠું પણ નહી. અને ઘી પણ નહી ! ભાખરી બનાવીને ભગવાન જમ્યા. લો ભગત ! આ પ્રસાદ ! થોડી ભાખરી એમને આપી. ભગત જાણતા નથી પણ

ભગવાને એમની ઉપર કૃપા કરી, ભગત સમજી ન શક્યા. પ્રભુ બોલ્યા. હવે બે દિવસમાં ઘીનું કુંડલું ભરાઈ જશે. ભક્તને ખ્યાલ ન આવ્યો. શ્રીજી મહારાજ એમના ઘરની ઓસરીમાં બિરાજ્યા. આશ્ચર્યની વાત એ છે કે આવા ગરીબ ભક્ત હતા છતાં ભગવાને એમને ત્યાં બે દિવસ રોકાયા. એમને ત્યાં કોઈ પલંગ-પાટલા ન હતા. ઘરની ઓસરીમાં નાની સાદડી પાથરી પ્રભુ એના ઉપર બિરાજતા. ભગત કોઈ આડોશી-પાડોશીને બોલાવો. થોડાં માણસો આવ્યા. ભગવાને ઉપદેશ આપ્યો. જતાં જતાં અંજારથી વિદાય થતાં થતા પ્રભુ કચરા ભગતને કહે છે આજે તમે અમારી પાસે સાકર મૂકી છે ને અડધો શેર એ સાકર જેને જેને તમે રૂપિયા આપ્યા હોય એને આપી આવજો અને કહેજો અમારે ઘેર અમારા ભગવાન પધાર્યા હતા. એમનો આ પ્રસાદ છે. લ્યો એમ કહી મહારાજ ચાલતા થઈ ગયા.

વિશ્વાસુ કચરા ભક્તે જેને જેને રૂપિયા ધર્યા હતા, કોઈને બસો, પાંચસો, હજાર એ બધાને ઘેર જઈ જઈ, લ્યો ભાઈ પ્રસાદી, શાની પ્રસાદી ! અમારા સ્વામિનારાયણ ભગવાન અમારે ઘેર પધાર્યા હતા એટલે આ પ્રસાદ આપવા આવ્યો છું. પ્રસાદ બધાએ લીધો અને સૌ જમ્યાં પણ ખરા. પણ ચમત્કાર એ થયો કે પ્રસાદી જમ્યા પછી બધાને સદ્‌બુદ્ધિ આવી. બિચારા કચરાને આપણે વગર વાંકે હેરાન કરીએ છીએ.અને એ સાથે એક જણ તો વ્યાજ સાથે પૈસા આપી ગયો. લ્યો ભગત ! માફ કરજો. તમને બહુ દુઃખી કર્યા. ના, ના, ભગવાન પધાર્યા, માટે તો આનંદ. બીજોય આપી ગયો, ત્રીજોય આપી ગયો. જેને જેને પૈસા આપ્યા હતા એ બધા ઘેર બેઠા સામે ચાલીને આપી ગયા. અને જે કાંઈ નિયમ પ્રમાણે થતું વ્યાજ એ ગણીને આપી ગયા. કોઈક વધારે આપી ગયા. ગણત્રીથી વધુ ! ભગતને ત્યાં રૂપિયાનો ઢગલો થઈ ગયો. એને યાદ આવ્યું કે શ્રીજી મહારાજ કહેતા હતા કે આ ઘીનું પાત્ર બે દિવસમાં ભરાઈ જશે. વાહ, હવે ભરાશે, બધા રૂપિયા આવી ગયા અને ભગવાનની ઈચ્છાથી પ્રભુની પ્રેરણાથી એમણે પ્રવૃતિ કરવા માંડી. એમાંથી ખૂબ સુખી થયા.

શ્રીજી મહારાજ જ્યારે કચ્છમાંથી પાછા પધારતા હતા ત્યારે ભૂજ જઈને કહે કે મહારાજ ! મારે ઘેર પધારો. મહારાજ કહે છે ના, ના, અમે તો તમારા ઘેર આવી ગયા છીએ ને. હે મહારાજ! હવે આ બધા સંતો સાથે આવો. મહારાજ કહે છે આટલા બધા સંતો માટે પીવાના પાણીની વ્યવસ્થા થશે ? મહારાજ! પાણીની ક્યાં વાત કરો છો ઘીની વ્યવસ્થા થઈ જશે. આપના પગલાં થયા પછી જયજયકાર છે. ભક્તને સુખી કરવા માટે ભગવાન ભક્તને ત્યાં પધારેલા. અને આ ભક્તને કાંઈ તકલીફ ન પડે માટે સંતોને બારોબાર વિદાય કરેલા. સંતો આવે તો આ ભક્તને દુઃખ થાય કે આ સંતોની વ્યવસ્થા કાંઈ કરી શક્યો નહીં. એવું દુઃખ ન થાય એટલે શ્રીજી મહારાજે એમને વિદાય કરેલા અને મહારાજ એકલા એમને ઘેર બે દિવસ રોકાયેલા. એમનું દારિદ્ર દુઃખ દૂર કરી અને પછી ત્યાંથી ભૂજ પધારે છે.

મિત્રો ! આપણે પણ જો ભગવાન ઉપર ભરોંસો રાખીશું, ભગવાનના સાચા ભક્ત બનીશું તો ભગવાન ભક્ત વત્સલ છે. એટલે ભક્તોનાં કષ્ટો ક્યારે પણ જોઈ શકતાં નથી. એના કષ્ટો મીટાવીને દુઃખ દૂર કરીને સુખી કરે છે.

●

ભજનમાં ભંગ પડ્યો

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જીંદગીની પ્રત્યેક ક્ષણની પાછળ અનેક ઘટનાઓ બનેલી હોય છે. ક્યારે કઈ ક્ષણે શું બનશે તે તો બન્યા પછી જ ખબર પડે છે. વાત છે કરસન કાકાની. કરસન કાકા રોડની સાઈડમાં દુકાનની ઓથે નાનું બિછાનું પાથરી પરચુરણ વસ્તુ વેચે. આ તેમનું કામ. હવે આ કરસન કાકાને ભજન પણ બહુ આવડે. જોડા સિવતા જાયને ભજન ગાતા જાય. "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે," રે સગપણ હરિવરનું સાચું, આવા બધા સુંદર ભજન ગાયા જ કરે. તદ્‌ઉપરાંત પોતાનું કામ કરે. દિવસ દરમ્યાનના આ કામમાં કરસન કાકાને આઠથી દસ આનાં મળી જતાં. તેમનાં દિવસનો નિભાવ-નિર્વાહ ખર્ચ પણ એટલો જ હતો.

પણ બન્યું એવું કે કરસન કાકા જે દુકાનની છાંયડે બેસતા તે એક વેપારીની મોટી દુકાન હતી. આ દુકાનના શેઠ કરસન કાકાના ભજન સાંભળતા. ભજનના શબ્દો

સાંભળતા તેમનો જે વ્યવહારનો ધંધાનો કલેશ હોય તે શાંત થઈ જતો. તેથી એકવાર તે કરસનકાકા ઉપર ખૂબ રાજી રાજી થઈ ગયા. તેમની પાસે જઈ તેમને રોકડા પચાસ રૂપિયા આપી આપ્યા. લો કાકા આ મારા તરફથી. તમારા આ ભજનથી મને ખૂબ જ શાંતિ મળે છે. મારા હૃદયનો ઉદ્વેગ, ચિંતાઓ બધું દૂર થઈ જાય છે. તમારા ભજનથી ભગવાન પર વિશ્વાસ બેસે છે. ને થાય છે કે ભગવાન બધાનું ધ્યાન રાખે છે. ભગવાન બધું સારુ કરશે. આ બધો તમારા ભજનનો પ્રતાપ છે. માટે આ લો ઈનામ. કરસન કાકાએ પણ કાંઈ આના કાની કર્યા વગર રૂપિયા લઈ લીધા. પણ હવે?

કરસન કાકા એ રૂપિયાને રોજ સવાર-સાંજ ગણવા લાગ્યા. પછી વિચારવા લાગ્યા કે ક્યાં મુકું ! કોને સાચવવા આપું ? એમને તો બિછાનું એજ બંગલો. રૂપિયા ક્યાં સાચવવા. રાત્રે ઓસીકા નીચે મુકે પણ ઊંઘ ન આવે. દિવસે પણ તેની ચિંતા થવા લાગી કે આટલો ખર્ચ મારે છે નહિ ને હવે આનું રોકાણ ક્યાં કરું? આ બધી ચિંતાઓના કારણે ભજન બોલવાનું બંધ થઈ ગયું. અને રાત્રી ઉજાગરાના કારણે દિવસે ઝોકા આવવા લાગ્યા. તેથી કામકાજ ઉપર પણ અસર પડી. કામપણ અટકી પડવા લાગ્યું. પણ આવી ઉપાધિ ભર્યું વાતાવરણ કરસનકાકાના જીવનમાં ક્યાં સુધી રહેવાનું? સુખી કરસનકાકા રૂપિયા મળ્યા તો દુઃખી થઈ ગયા.

હવે કરસનકાકાના સુકૃતો કરસનકાકાને કામ લાગ્યા. પૂર્વના સારા સંસ્કારો તેમને જગાડી ગયા. આ પચાસ રૂપિયાએ જ મારા ભજનની મજા બગાડી નાખી. કરસન કાકા શેઠ પાસે પચાસ રૂપિયાની પોટલી લઈને પહોંચ્યા અને કહ્યું કે. લો ભાઈ આ તમારા રૂપિયા તમે કોઈ સારા કામમાં વાપરી દેજો. મારે ન જોઈએ. રૂપિયા પાછા આપી દીધા. પછી ફરી નિરાંત થઈ ગઈ. શાંતિથી ઊંઘ આવી. ભજન ગાવાના શરૂ કરી દીધા. અને પહેલાની જેમજ શાંતિથી કામ કરવા લાગ્યા ને આનંદથી રહેવા લાગ્યા.

મિત્રો ! વિચારો તમારી જીંદગીમાં તમને ખબર પડે છે કે મારી ભક્તિમાં વિઘ્નરૂપ શું છે ? જો 'હા' તો તેનો ત્યાગ કરી દેજો અને 'ના' તો પછી કોઈ સંતનું શરણું લઈ તેને ટાળી દેજો. કારણ કે.....

ભક્તિ ભજન કરવા છતાં ઘણાને શાંતિ મળતી નથી તેનું કારણ આ દૃષ્ટાંતમાં સમાયું છે. વ્યવહારમાં રહીને ફરજ પાળવા છતાં ચિંતા મુક્ત રહેવું એ ઘણું કઠણ કામછે. મોટું તપ છે. સાચી સિદ્ધિ છે.

મિત્રો ! સુખ ક્યાં છે ? રૂપિયામાં છે કે સમજણ માં છે. જેમજેમવધારે સંપત્તિ આવે તેમતેમઉપાધિઓ પણ વધે. માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે પોતાને યોગ્ય એવો ઉદ્યમજરૂર કરવો જ અને એમાંથી આપણી મહેનતમાંથી જે પ્રાપ્ત થાય તેનાથી જ આપણને સુખ-શાંતિ મળે છે.

છપૈયાધામ ભાવની

પહેલી પહેલી, પગલી પાડી ઘનશ્યામે રે,
અક્ષરધામથી, છપૈયાધામે પધારી રે,
પગલીમાં હે, સોળે ચિન્હ વિરાજે રે,
જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે.... ૧

ધર્મને ભક્તિ, થકી પ્રગટ્યા ઘનશ્યામ રે,
છપૈયામાં બાળલીલા, કીધી ન્યારી રે,
કાળીદત્તનો, મોક્ષ કીધો આંબાવૃક્ષે રે,
બ્રહ્માજી તો, ભૂલા પડ્યા મીનસાગરે રે.... ૨

પારણીયું તો, લાવ્યા કુબેરભંડારી રે,
વાઘને ચામડેથી, વાઘ કીધો ઘનશ્યામ રે,
વાનરસેના, પૂંછડે ઝાલી ભગાડી રે,
ધન્ય છપૈયા, ભૂમિનાં ભાગ્ય શું વખાણું રે.... ૩

ખાંપા તલાવડીએ, સેવા કીધી ધનવંત્રીએ,
વિસ્મય પામ્યા, રામપ્રતાપજી ત્રિખુણ ખેતરે રે,
દીધા જીવન ધન, કલ્યાણ સાગરે રે,
ભૂતિયા કૂવાના, ભૂત ભાગ્યા બદ્રિનાથ રે.... ૪

જાંબુડાએ, મલ્લનો હાથ ઉતારી રે,
અંગુઠાથી, ગંગા લાવ્યા ગૌઘાટે રે,
નારાયણ સરોવર, પાયા સખાને દૂધ રે,
મોક્ષ પીંપળે ચડી, નિરખ્યા નિજ સંત રે ૫

રક્ષા કરે, માણકીએ બિરાજી ઘનશ્યામ રે,
સદા થાયે, અંતરે એવો આભાસ રે,
નતૂન આરસ, મંદિર જન્મસ્થાન રે,
'પ્રહલાદ' માગે, સેવા કરી અક્ષરધામ રે.....૬

- પ્રહલાદભાઈ વિ. પટેલ
કરજીસણવાળા (હાલ ન્યુજર્શી)



ભક્તિ સુધા

કથાનું માહાત્મ્ય (દૃષ્ટાંત કથા)

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)

એક રાજાએ પોતાના શાસ્ત્રીજીને પ્રશ્ન પૂછયો કે શુકદેવજીની કથા સાંભળી તેમાં પરિક્ષિત રાજાનો સાત દિવસમાં મોક્ષ થયો, તો હું સાઈઠ વર્ષથી આપની પાસેથી કથા સાંભળું છું તો મારું કલ્યણ થશે કે નહીં ? મારો જીવ, મારુ કલ્યાણ થાય એવી હા પાડતો નથી, માટે હું ખોટો, ભાગવત ખોટું કે આપ વાંચનાર ખોટા ? પણ બ્રાહ્મણથી ઉત્તર ન થયો. બ્રાહ્મણે ઘેર જઈ પોતાના પુત્રને કહ્યું કે તું કાંઈ શાસ્ત્રને ભણ્યો પણ નહી અને ગણ્યો પણ નહીં. રાજાએ પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં ભાગવત તો ખોટું કહેવાય નહિ, હું વાંચનાર પણ ખોટો નથી. અને રાજા સાંભળનાર પણ ખોટો નથી. ત્યારે પુત્રએ કહ્યું જે તમારાથી બને તો ઉત્તર કરજો. નહી તો મારું નામ દેજો કે આવા પ્રશ્નનો ઉત્તર મારો પુત્ર કરશે.

બીજે દિવસે શાસ્ત્રી કથા કહેવા આવ્યા, એટલે રાજાએ પૂછયું કે મારા પ્રશ્નનો ઉત્તર આપો ? ત્યારે ભટ્ટે કહ્યું આ પ્રશ્નનો ઉત્તર મારો પુત્ર આપશે. એટલે તેને તેડવા ઘોડાગાડી મોકલી. તેથી તે ત્યાં આવ્યો, ત્યારે રાજાએ તેને ઉપરનો પ્રશ્ન પૂછ્યો. પુત્રએ રાજાને કહ્યું કે એક મહિનો તમારૂ રાજ્ય ચલાવવા આપો તો હું ઉત્તર કરું. તે સાંભળી રાજાએ રાજ્ય લખી આપ્યું. ભટ્ટજીના પુત્રે એક ઉત્તમ બગીચામાં કોચ, ખુરશીઓ, મિઠાઈઓ, ફળ, ફૂલ, અમૃત જેવા પાણી વગેરે ગોઠવ્યા. પછી રાજાને તથા પોતાના પિતા શાસ્ત્રીજીને તેડી લઈ બગીચામાં ફરવા ગયો અને નોકરોને હુકમ કર્યો આ શાસ્ત્રીજીને પછવાડે હાથ રાખી આસોપાલવ ના થડ સાથે બાંધો, સાથે તેવી જ રીતે રાજાને પણ બાંધો.

તે પ્રમાણે નોકરોએ કર્યું. ઘણો વખત થયો ત્યારે રાજા બોલ્યા ભટ્ટજી, અમને ભૂખ લાગી છે તો છોડો. ત્યારે ભટ્ટજી બોલ્યા આ સાટા-જલેબી જમો અને અમૃત જેવું જળ પીઓ. ત્યારે રાજાએ કહ્યું કે અમને બાંધ્યા છે તો કેવી રીતે જમાય ? ત્યારે ભટ્ટજી કહે : આમાં ખોટું કોણ ? પકવાન ખોટા કે આપ ખોટા ? કે આ શાસ્ત્રીજી ખોટા ? ત્યારે રાજાએ કહ્યું કે ત્રણેય સત્ય છે.

ત્યારે ભટ્ટજી બોલ્યા : ભાગવત સાચું છે, શુકદેવજી સાચા છે અને પરિક્ષિત રાજા પણ સાચા છે. સાત દિવસ સુધી શુકદેવજીએ કથા કરી અને પરિક્ષિત રાજાએ તેનું શ્રવણ, મનન અને નિરંતર અભ્યાસ કરી જીવમાં ઉતાર્યું ત્યારે કલ્યાણ થયુ. તે પણ સાચું. પરંતુ મારા પિતા અમારામાં બંધાણા છે. આપ રાજ્યમાં બંધાણા છો. ભાગવત સાચું છે, પરંતુ આપે તેનો મનન, શ્રવણ અને નિરંતર અભ્યાસ કર્યો નથી, તેથી કેવી રીતે જીવને મોક્ષની 'હા' પડે ?

સાર : માયા પર બ્રહ્મસ્થિતિને પામેલા પુરુષ પાસેથી જો આ કથા સંભળાય તો જ માયાથી પર થવાય. એ તો જે છૂટેલો હોય તેજ છોડાવે છે.

❀

શ્રીજી મહારાજનો ઓરડો

- સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયમાં સંપ્રદાયમાં અષ્ટકવિઓ હતા. તેમાંના એક પ્રેમાનંદ સ્વામી શીઘ્ર કવિ હતા. સ્વામિનારાયણ ભગવાન જે જે લીલા કરતા તે તેઓ તરત જ કીર્તન સ્વરૂપમાં વર્ણન કરતા. ભગવાનની લીલા અક્ષરશઃ કીર્તનમાં વણી લેતા. કહેવાય છે કે તેઓ નારદમુનિના અવતાર હતા. તેમનો ઉછેર એક મુસલમાન કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ ડોસાતાંઈ ને માતાનું નામનુરબાઈ હતું. પરંતુ પૂર્વના સંસ્કારી હતા તેથી સર્વોપરિ શ્રીહરિનો

સમાગમ થતા જ તેમના શિષ્ય બનીને મહારાજની સેવામાં લાગી ગયા. સમય જતા શ્રીજી મહારાજે તેમને દીક્ષા આપીને પ્રેમાનંદ સ્વામી એવું નામ ધારણ કરાવ્યું. ત્યાર પછી તેઓ ભગવાનની લીલાના ગુણગાન ના કીર્તનો રચવા લાગ્યા. તેમના કીર્તનો બહુજ અદ્‌ભુત છે. તેમને ભગવાન સાથે સખા ભાવ હતો.

એક વખત અભય રાજાને કોઈ દ્વેષીએ ખોટી ભંભેરણી કરી જેથી તેઓ ખુલ્લી તલવાર લઈ મહારાજ પાસે દરબારગઢમાં આવ્યા. ભગવાન તો અંતર્યામી હતા. પરિસ્થિતિ જાણી ગયાને બહાર આવ્યા. પણ આ શું ? તેજનો પુંજ વહેવા માંડ્યો. દરબારમાં બધાની આંખો અંજાઈ ગઈ. ઓરડાના દ્વાર પાસે ચર્તુભુજ રૂપે દર્શન દીધા. અભય રાજા તો ભગવાનના ચરણમાં પડી સાષ્ટાંગ દર્શન કરવા લાગ્યા. તે સમયે પ્રેમાનંદ સ્વામી ત્યાં દરવાજે ઉભા હતા. મહારાજે કહ્યું સ્વામી કીર્તન બોલો. ત્યારે પ્રેમાનંદ સ્વામીએ તરત જ કીર્તન રચીને બોલવા લાગ્યા કે,

"આજમારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ
બાઈને બોલાવ્યા રે સુંદર છોગાવાળા છેલ."

આમ બે પદ બોલ્યા પછી ભગવાને ત્યાં ઉભેલા દરેકને સંબોધીને બીજા બે પદ બોલ્યા કે,

"બોલ્યા શ્રીહરિ રે સાંભળો નરનારી હરિજન,
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન."

❀

ચકલાઓને સમાધિ

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા
(અમદાવાદ)

છપૈયાની બાજુમાં આવેલા તરગામની સીમમાં ધર્મદેવનું ખેતર હતું. એક દિવસ ધર્મપિતા એ કહ્યું, "ઘનશ્યામ, આપણા ખેતરમાં ડાંગર પાકીને તૈયાર થઈ છે. પણ ચકલાં આપણો પાક બગાડી જાય છે. વળી આજે અમે બાજુના ગામે જવાના છીએ માટે તમે ખેતર સાચવવા જજો." ઘનશ્યામ કહે "ભલે". ભક્તિમાતા એ ઘનશ્યામને જમાડ્યા માથે ટોપી પહેરાવી પગમાં મખમલની મોજડીઓ પહેરાવી હાથમાં એક મોટી સોટી આપી અને કહ્યું "જાવ હવે ખેતર સંભાળો."

અનંતકોટિ બ્રહ્માંડોના નાથ આજે ખેતર સંભાળવા જઈ રહ્યા છે. ઘનશ્યામતો સોટીથી રમતાં રમતાં ઘડીકમાં ખેતરે પહોંચી ગયા. એક જાંબુડીના ઝાડ પર ચડીને જોયું તો હજારો ચકલાં ખેતર પર ઊડતા હતા. કેટલાક ઝાડ ઉપર તો કેટલાંક ડાળ પર કેટલાંક ડૂંડા ઉપર તો કેટલાક જમીન પર બેઠેલાં. ઘનશ્યામ વિચારવા લાગ્યા. ચકલાંને મરાય તો નહીં. હવે શું કરવું? તરત જ તેમને એક વિચાર આવ્યો. તેમણે જોરથી સાદ પાડ્યો. ત્યાં તો ? બધાં ચકલાઓને સમાધિ થઈ ગઈ ! ટપોટપ બધાં ચકલાં નીચે પડવા લાગ્યાં. કેટલાંક ઝાડ પર તો, કેટલાંક જમીન પર, તો કેટલાંક ડાળુ પર, તો કેટલાંક ડૂંડા પર તો કેટલાંક જમીન પર એમબધા જ ચકલાં સ્થિર થઈ ગયા.

ચકલાંઓને સમાધિ થઈ એટલે ઘનશ્યામતો બાજુમાં માધવરામશુકલનું ખેતર હતું ત્યાં જતા રહ્યા. ત્યાં જઈને પોતાના બાળમિત્રો રઘુવીર અને બકૂસરામ સાથે રમવા લાગ્યા. રમતાં રમતાં સાંજ પડી. ધર્મદેવ અને રામપ્રતાપભાઈ ખેતરે ઘનશ્યામને લેવા આવ્યા. જોયું તો ઘનશ્યામ મળે. શોધતાં શોધતાં બાજુના ખેતરમાં એમને રમતા દીઠા.

ધર્મપિતાએ ઘનશ્યામને બોલાવ્યા અને કહ્યું, "તમને શું કહ્યું હતું ? તમને તો ખેતર સાચવવા મોકલ્યા હતા ને !"

ઘનશ્યામ કહે, "ચાલો આપણે જઈએ." ત્રણેય જણ પોતાના ખેતર પર આવ્યા. અંદર જઈને જોયું તો કેટલાંક ચકલાં જમીન પર પડેલાં, કેટલાંક ઝાડ પર સ્થિર. કેટલાંકના મોઢામાં દાણો પણ જેમનો તેમ. ધર્મદેવને આશ્ચર્ય થયું. ધર્મદેવ અને રામપ્રતાપભાઈ તો વિચારમાં પડી ગયા કે આટલાં બધાં ચકલાં આપણા ખેતરમાં મરી તો નહિ ગયાં હોય ને ? ધર્મદેવ અને રામપ્રતાપભાઈ તો આ જોઈ નવાઈ પામી ગયા. ત્યાં તો ઘનશ્યામે ફરીથી સાદ પાડ્યો એટલે ફર્રર..... કરતાં બધા ચકલાં ઉડી ગયા.

ધર્મપિતા તથા મોટાભાઈને અહેસાસ થયા કે નાનકડા ઘનશ્યામતો સર્વોપરિ ભગવાન છે. એટલે જરૂર આ તેમનું જ કામ છે. બધાના નાડી પ્રાણ તેમના

હાથમાં છે. પિતાની આંગળી પકડી ઘનશ્યામ મોટાભાઈ સાથે ઘેર આવી રહ્યા હતા. ગાયો ગોધુલિ ઉડાડતી ઘર તરફ જઈ રહી હતી અને ઘનશ્યામનાં માનીતાં ચકલાંઓ મધુર ધ્વનિ ફેલાવતાં પોતાના માળા તરફ જતાં હતા. કેટલું સુંદર એ દૃશ્ય હશે!

"સુંદર શ્રી ઘનશ્યામ મારા મન મંદિરમાં આવો રે!"

❀

કરોડપતિ કાશીરામ શેઠ

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા
(જોરાવરનગર)

એક મોટું શહેર હતું. આ શહેરમાં કરોડપતિ કાશીરામ શેઠ રહે. તેમને પરમેશ્વર કરતાં પૈસામાં પ્રીતિ વધારે. ધર્મમાં તો લેશમાત્ર પ્રીતિ નહોતી. કોઈ વેળાએ આ ગામમાં સાધુ-સંતો સત્સંગ માટે પધારેલા. કાશીરામ શેઠ સત્સંગમાં જતા પણ વધુ બેસતા નહીં. થોડીવાર બેસે પણ તરતજ ઉઠીને જતા રહેતા.

વસંત પંચમી હોવાથી મંદિરમાં પધારેલા સંતો કથા-કીર્તન કરતા ત્યારે હરિભક્તો પ્રેમથી કથા-કીર્તન સાંભળે અને સાથે સંત-સમાગમ કરતાં. કાશીરામશેઠ પણ કથા સાંભળતા. તેઓ પોથી પાસે પચીસ-પૈસા મુકી મહારાજને વંદન કરી જવાની તૈયારી કરે છે ત્યાં સંતોએ કહ્યું, "શેઠ! બે ઘડી બેસો, અમારે તમારી સાથે વાત કરવી છે."

બધાય હરિભક્તો ગયા પછી સ્વામીજીએ કાશીરામ શેઠને બોલાવ્યાને કહ્યું, કે કાશીરામશેઠ! હવે તમારા કાળની કંકોતરી લખાઈ ગઈ છે. તમારૂ પાંચ દિવસ પછી મૃત્યુ છે. માટે ચેતવું હોય તો ચેતજો, સ્વામીજીની વાત સાંભળીને કાશીરામ શેઠ ઉદાસ થઈ ગયા અને ઘરે જતા જતા તો તેમનું શરીર પાણી પાણી થવા લાગ્યું. મનમાં વિચાર કરે છે કે એક કરોડ રૂપિયા ભેગા કરવામાં થોડાક જ પૈસા બાકી છે. કરોડ રૂપિયા ભેગા કરવાની હોંશ ઘણી છે, પણ મનમાં તો મોતની બીક લાગી, મોતની વાત સાંભળીને કાશીરામશેઠને ચિંતા થવા લાગી કે પાંચ દિવસ પછી મારૂં મોત છે, અને આ બાજુ મારે કરોડ રૂપિયા ભેગા કરવા છે. આ બંને ચિંતામાં કાશીરામ શેઠને ઝાડા-પેશાબ થઈ ગયા.

હવે, ત્રણ દિવસ પછી સ્વામીજી એક સોય લઈને શેઠના ઘરે પધાર્યા અને કાશીરામ શેઠને કહ્યું કે તમો તો બે દિવસ પછી સ્વર્ગલોકમાં જવાના છો. માટે ત્યાં બધું જ મળે છે. પણ સોય ત્યાં નથી મળતી તો અમારા ગુરુજી માટે એક સોય લઈ જશો? તે સોય અમારા ગુરુજીને આપજો. આ સાંભળીને શેઠ કહે છે કે હું મરી જાઉં પછી મારું શરીર બાળી મુકશે. પછી તમારી સોય કેવી રીતે લઈ જવાય?

સંત કહેવા લાગ્યા, "અરે શેઠ! તમો અમારા ગુરુજી માટે સોય લઈ જવાની ના પાડો છો તો આ તમારા કરોડ રૂપિયા સાથે કઈ રીતે લઈ જશો? જો તમે કરોડ રૂપિયાની સાથે અમારા ગુરુજી માટે સોય લઈ જશો તો "એક પંથ ને દો કાજ." હવે શેઠનો અંત સમય આવી ગયો અને સ્વામીજીના વચનો કાશીરામ શેઠને હાડોહાડ લાગી ગયા ને પસ્તાવો કરવા લાગ્યા. પછી તો કાશીરામ શેઠ સંતને પગે લાગી દંડવત પ્રણામ કરી કહેવા લાગ્યા કે સ્વામી મને કંઈક ઉપાય બતાવો કે જેથી મારા જીવની સદ્‌ગતિ થાય અને મહારાજ મને તેડવા આવે.

સંતે મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા કે, જાવ કાશીરામ શેઠ! તમારો કોઈ વાળ વાંકો નહિ કરે. તમે ધર્મમાં ચૂકશો નહિ. આ રૂપિયાનો જે વ્યવહાર કરવાનો છે તે તમો કરી લ્યો. પછી શેઠ તો સાજા થયા બાદ કરોડ રૂપિયાનો વ્યવહાર કરવા લાગ્યા. તેમાં એક ભાગ ધર્માદો, એક ભાગ મંદિરમાં પુણ્ય કર્યું, બે ભાગ ઘરમાં વ્યવહાર કર્યો. આથી મહારાજ અને સંતો રાજી થયા. જેથી કાશીરામશેઠનું મોત સુધરી ગયું. જ્યારે કાશીરામશેઠનું મોત આવ્યું ત્યારે શ્રીજી મહારાજ તેડવા આવ્યા અને અક્ષરધામનું સુખ આપ્યું.

સંત સમાગમથી આપણને સુખ પ્રાપ્ત થાય છે. માટે અહર્નિશ સંતનો સમાગમ કરવો. જેથી બ્રહ્માનંદ સ્વામી કહે છે કે,

"સંત સમાગમ કીજે હો,
નિશદિન સંત સમાગમ કીજે,
માન તજી સંતને કે મુખસે,
પ્રેમસુધા રસ પીજે."

આપણા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી

"ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ"

'ગુરુ' શબ્દનો અર્થ થાય છે એવી વ્યક્તિ જે આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. જ્યારે આ શબ્દને 'શિક્ષક' કે 'માર્ગદર્શક' તરીકે જોવામાં આવે છે ત્યારે તેનો મૂળભૂત અર્થ ખોવાઈ જાય છે. 'શિક્ષક' કે માર્ગદર્શક શબ્દો 'વિદ્યાર્થી' સાથે સંકળાયેલ છે. અને એવું પણ સૂચન થાય છે કે આપણે માત્ર ડીગ્રી મેળવવા માટે અભ્યાસ કરી રહ્યા છીએ. જ્યારે 'ગુરુ' એક આધ્યાત્મિક અને વ્યક્તિગત માર્ગદર્શક છે જે પોતાના શિષ્યને મોક્ષ મળે તે માટે જવાબદારી લે છે.

સ્ત્રી ભક્તજનો માટે (એક સ્ત્રીની) ગુરુ તરીકે વ્યવસ્થા કરનાર એ એક માત્ર મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય છે અને તે રીતે આ અદ્વિતીય છે. સ્વંય ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમપૂજ્ય ધર્મધુરંધર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્નીની સ્ત્રી ભક્તજનોના ગુરુ તરીકે સ્થાપના કરી છે. અને તેમનું 'અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રી' એવું નામાભિધાન છે. તેમને સૌ બહેનો પ્રેમથી 'બા' તરીકે સંબોધે છે. અને તેઓ ખરા અર્થમાં સંપ્રદાયની 'મા' છે.

તેઓશ્રી મંદિરમાં અથવા સ્વા. બાગમાં ગમે ત્યારે બહેનોને મળીને સત્સંગ પ્રવૃત્તિના વિકાસ અને વૃદ્ધિ માટે કોન્ફરન્સનું આયોજન કરવા માટે અને તે સંદર્ભમાં અનેકવિધ જવાબદારીઓ સંભાળવા માટે સતત પ્રેરણા આપતા હોય છે. તેઓશ્રીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ એક સપ્તાહ સુધી અનેક બાબતોની ચર્ચા કરીને ઘણી યુવતીઓએ સુંદર અનુભવ સિધ્ધ માર્ગદર્શનનો લાભ મેળવેલ છે. એ બાબત ખૂબજ મહત્વની છે કે પ.પૂ. ગાદીવાળાશ્રી એક પત્ની એક માતા અને એક પુત્રવધૂ તરીકે પણ જવાબદારીનું વહન કરતાં-કરતાં બીજી ઘણી બધી ફરજો તેમના નિવાસ સ્થાને બજાવે છે. તેમછતાં તેઓશ્રી હંમેશા દેશ-વિદેશના કોઈપણ બહેન સ્ત્રી ભક્તજનને વ્યક્તિગત માર્ગદર્શન આપવા માટે સદાય તત્પર હોય છે. આ બાબતનો અમને પ્રત્યક્ષ અને વ્યક્તિગત અનુભવ થયો છે. જ્યારે પણ અમને કોઈ દુન્યવી મુંઝવણ થાય છે ત્યારે પ.પૂ. ગાદીવાળાશ્રીની સલાહ-પ્રેરણા એકદમવ્યવહારુ અને સચોટ રહી છે. જે આપણને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે સદાય પતિવ્રતા ભક્તિનો સંદેશો પણ આપે છે.

તેઓશ્રીના આશીર્વચનોમાં હમેંશા તેઓ સમસ્ત બહેનોને ગૃહસ્થાશ્રમની વિટંબણાઓને સમજદારી પૂર્વક ઉકેલવા અને સાથે ધર્મને સાંકળીને ખૂબજ વ્યવહારૂ અભિગમશીખવે છે.

ગયા વર્ષે અમે ગુજરાત-રાજસ્થાનમાં નાથદ્વારા આપણા મંદિરમાં પ.પૂ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં ત્રણ દિવસની એક શિબિરમાં ભાગ લીધો હતો. આ ત્રણેય દિવસો દરમ્યાન પ.પૂ. ગાદીવાળાશ્રી અમારા બધા માટે સતત ચિંતિત રહેતા હતા અને અમારા વિશેની નાની-નાની બાબતો જેવી કે સમયસર જમવું, સૂવું અને આરોગ્યની કાળજી વગેરે અંગે એક માની જેમવ્યક્તિગત ધ્યાને આપતા હતા. પ.પૂ.ગાદીવાળાશ્રી સદાય હસમુખા છે અને જ્યારે કોઈપણ ભક્તજન દુઃખી હોય તો તેની તેમને ચિંતા થતી હોય છે. અને આ દુઃખનું કારણ જાણવા તેમજ તેનું નિરાકરણ કરવા માટે તેઓ પ્રયત્ન કરતાં હોય છે. આ પરિષદમાં એક બહેન કોઈ કારણસર સતત રડતાં હતાં અને પોતાની જાતને બીજાથી સતત અળગાં રાખતાં હતા. ત્યારે પ.પૂ. ગાદીવાળાશ્રીએ એક બીજી યુવતીને તે ભક્તજન સાથે વાતચીત કરવા કહ્યું જેથી કરીને તેનું મન બીજી વાતમાં પરોવાય અને અન્ય ભક્તજનો સાથે હળવા-મળવા માટે પ્રેરાય. તેઓશ્રીએ આ બહેનનું પરિષદના બાકીના સમય સુધી સતત ધ્યાન રાખ્યું. આમ, પ.પૂ. ગાદીવાળાશ્રીની ઉદારતા, સ્નેહ અને પ્રેમકોઈપણ શબ્દથી વ્યક્ત કરી શકાય તેમનથી.

પ.પૂ. ગાદીવાળાશ્રી બહેનોને નિત્ય પૂજા તેમજ માનસી પૂજા કઈ રીતે કરાય તે શીખવે છે. તેઓ આ સંદર્ભમાં જરૂરી માર્ગદર્શન પણ આપે છે. જેથી કરીને પૂજા કરતાં-કરતાં ભક્તજનો ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરી શકે. તેઓશ્રી ઘણીવાર એકાદશી જેવા વ્રતના સમયે ભક્તજનો સાથે આખી રાત જાગરણ પણ કરે છે અને બધાં સાથે મળીને કીર્તન ભક્તિ કરે છે. જેમના સતત નીરખીને શ્રધ્ધાપૂર્વક દર્શન કરતા તેમનામાં સાક્ષાત્ લક્ષ્મીજીના દર્શન થાય છે.

અમારા અનુભવે એ બતાવ્યું છે કે જો આપણે પ.પૂ. ગાદીવાળાશ્રી તરફ એક પગલું આગળ વધીશું તો તેઓશ્રી આપણા તરફ દશ પગલાં આગળ વધશે. સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપના સાનિધ્યથી આપણે ખરેખર ધન્ય થઈ ગયા છીએ. સ્ત્રી ભક્તજનો માટે તો તેઓ એક પ્રેરણાના મહાન સ્ત્રોત છે અને સાક્ષાત્ લક્ષ્મીજીનું મૂર્તિમંત સ્વરૂપ છે.

- (પ્રિયા અને ડિમ્પલ - લંડન)

??? પ્રશ્નપેટી ???

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ શ્રીજી મહારાજે કહ્યું છે તે મુજબ ક્યા સ્વરૂપને સેવવું ? એ શામા અને ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્રશ્ન : ૨ શિક્ષાપત્રીના શ્લોક નં. ૬૩ માં શ્રીજી મહારાજ શું કહેવા માંગે છે ?

પ્રશ્ન : ૩ "૨સીયોજી રાય આંગણ બેઠા કોમળ દાતણ કરવાને મખમલની ગાદી બહુમૂલી, પાટ ઉપર પાથરવાને".... આ પદના રચયિતા કોણ છે ?

પ્રશ્ન : ૪ ભાગવત શાસ્ત્રમાં દશમસ્કંધના ૫૭ માં અધ્યાયમાં કોનો પ્રસંગ આવે છે ?

પ્રશ્ન : ૫ શ્રીજી મહારાજે ગૃહસ્થોને પાંચ મહાયજ્ઞો કરવાની આજ્ઞા કરી છે તો તે પાંચ યજ્ઞોના નામ જણાવો ?

પ્રશ્ન : ૬ મુક્તાનંદ સ્વામીને એકવાર તાવ આવ્યો હતો તેના કારણે તેઓ બાજરીના લોટના પુડલા બનાવીને જમતા હતા ત્યારે એક સાધુએ આવીને મુક્તાનંદ સ્વામીને મલ્યા પછી શું થયું ?

પ્રશ્ન : ૭ શરણાગત મંત્ર ક્યો છે ?

જુન-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) પ્રવકતા : ભગવાન શ્રી સ્વામિનારાયણ.

(૨) હરિલીલામૃત ક-૮, વિ-૩૦, સ્વા. ભગવાન.

(૩) સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી હરિલીલામૃત સાગર પુર-૭ તરંગ ૫૯.

(૪) સત્સંગિજીવન, સત્સંગિભૂષણ ઈત્યાદિક પ્રભુના ગાદી અભિષેક બાદ સ્વામિનારાયણ ભગવાને પ્રકરણ બીજામાં માંગરોળ ગામથી શરૂઆત કરી હતી.

(૫) શ્રીહરિના સ્વધામ બાદ તેરમાને દિવસે પૂંજા ભક્ત ડોડિયાએ પ્રથમ દેહનો ત્યાગ કર્યો હતો.

(૬) પાતળિયે હર્યા પ્રાણ રે, બેની મારા..... પાતળિયે હર્યા પ્રાણ.....
આ પદ ગાતા ગાતા બ્રહ્માનંદ સ્વામીને ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી શ્રીહરિ પ્રગટ થયા અને બ્રહ્માનંદ સ્વામીને ભેટી પડ્યાં અને કહેવા લાગ્યા - "હું તો સદાય ગોપીનાથજીની મૂર્તિમાં રહ્યો છું. તમો મને ગયેલો જાણો છો ? અને બ્રહ્માનંદ સ્વામીને ભેટીને ગુલાબનો હાર પહેરાવ્યો.

(૭) અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય, એવું જે સત્ય વચન, તે ક્યારેય ન બોલવું અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો, અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી.

૧. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨. ભગવાનજીભાઈ વેલજીભાઈ સોની (મોરબી)
૩. સાંખ્યયોગી ઉષાબા તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૪. હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)
૫. સુમીયાબેન નરેસભાઈ ભાવસાર (વિસનગર)
૬. સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૭. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૮. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૯. ભાવનાબેન કમલેશભાઈ ખંધડિયા (મોરબી)
૧૦. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૧૧. મેનાબેન ડાહ્યાભાઈ (જાસલપુર)
૧૨. જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)

નોંધ : પ્રશ્નપેટી વિભાગના પ્રશ્નોના ઉત્તરો આપનાર પ્રેમી ભક્તજનો ને નમ્ર વિનંતી છે કે હવેથી જવાબો સ્વચ્છ અને સારા કાગળમાં હાસિયો છોડીને લખવા તથા એક કાગળમાં ફક્ત એકજ નામ હોવું જોઈએ. વધારે નામ હશે તો નામ પ્રકાશિત કરવામાં આવશે નહિ તથા પ્રશ્નોના જવાબો એક સરખા કાગળ તથા એક સરખા અક્ષરોથી લખેલા હોય છે તો તેવા પ્રશ્નોના જવાબોના નામ પ્રકાશિત કરવામાં આવશે નહિ.

સત્સંગ સમાચાર

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૧ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પરમપૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અષાઢ વદ-૧૦ ને તા. ૨૮-૭-૨૦૦૮ના શુભ મંગલ દિને સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ પીઠના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૧ મો પ્રાકટ્યોત્સવ સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં સાદગી પૂર્ણ રીતે ઉજવાયો.

અમદાવાદ શહેરમાં આંતકવાદીઓના બોમ્બ ધડાકામાં અનેક નિર્દોષ લોકો માર્યા ગયા હોવાથી આપણો આ મહોત્સવ સાદાઈથી ઉજવવા પૂ. મોટા મહારાજશ્રીએ ખાસ આજ્ઞા કરી હતી. સૌ પ્રથમપ.પૂ. લાલજી મહરાજશ્રી પોતાના વ્હાલા દાદાશ્રી સાથે શ્રી નરનારાયણદેવના દર્શન કરીને સભામાં બિરાજમાન થયા હતા. પંડિત વર્યોએ સ્વસ્તીવાચન કરીને વેદ પરંપરાગત પૂજન વિધિ કરી હતી. ત્યારબાદ પૂ. મહંત સ્વામી, પૂ. ધ્યાનિ સ્વામી આદિ જ્ઞાનવૃદ્ધ અને વડીલ સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારીને પૂજન, અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આજે નાના વિદ્યાર્થી સંતો સાધુ અભયપ્રકાશદાસ, સાધુ ધર્મકિશોરદાસ, સાધુ ભક્તિપ્રકાશદાસ અને બાળ યુવક હરિભક્તોએ પોતાના પ્રાણ પ્યારા પૂ. લાલજી મહારાજશ્રીને રાજી કરવા માટે પોતાની ભાવના પોતાના વ્યક્તવ્ય દ્વારા રજુ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમકમિટીના સર્વે સભ્યશ્રીઓ અને અગ્રગણ્ય હરિભક્તોએ સમૂહમાં આરતી ઉતારીને પૂજન કરીને પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

અમદાવાદ મંદિર દ્વારા સાહિત્ય પ્રકાશનનું કામ ખૂબજ જોશમાં ચાલે છે. તેમાનું સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણી ગ્રંથનું (પુનઃપ્રકાશન) વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું. પૂ. લાલજી મહારાજશ્રીએ મહંત સ્વામીને રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, જેતલપુર, છપૈયા, નારાયણઘાટ, નારણપુરા, કાંકરિયા, મૂળી, સુરેન્દ્રનગર, ચરાડવા, લીંબડી, માણસા ધોળકા, એપ્રોચ આદિ અનેક ધામોથી પધારેલા સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન-હારતોરા કરીને કર્યું હતું. આજે પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી ઘણા સમયથી રિસાયેલા મેઘરાજાએ અતિ કૃપા કરીને સર્વત્ર વરસીને ગુજરાતની તરસી ભૂમિને તૃપ્ત કરી હતી. કારણ કે બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજના અપર સ્વરૂપને ખ્યાલ હોયજ.

છેલ્લે સૌના ઉપર અતિ રાજી થઈને આશીર્વાદ આપતા જણાવ્યું કે ગમે તેવા પ્રલોભનો આવે પણ અડગ રહીને શ્રી નરનારાયણદેવનો દૃઢ આશરો રાખશો તો જીવનમાં ખૂબજ સુખી થશો. અને છેલ્લે કહ્યું કે અમદાવાદ શહેરમાં આંતકવાદીઓના બોમ્બ મારાના હુમલામાં નિર્દોષ લોકોના મોત થયા તે જાણી અમને અત્યંત દુઃખ થયુ છે. સર્વોપરિ શ્રીજી મહારાજ મૃતાત્માઓને શાંતિ આપે અને આવુ કૃત્ય કરનારને સદ્‌બુદ્ધિ આપે તેવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ આજના શુભ પ્રસંગે આશીર્વાદ આપતા જણાવ્યું કે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકાથી અરાજકતા ફેલાણી છે અને વરસાદ પણ મૂકીને વરસી રહ્યો છે. છતાં પણ સંત-હરિભક્તોએ આટલી વિશાળ ઉપસ્થિતિમાં હાજર રહીને પોતાની ભાવના-લાગણી શુભેચ્છા રૂપે દર્શાવી તે જાણી અત્યંત આનંદ થાય છે.

અમે જ્યારે સ્કુલમાં ભણતા હતા ત્યારે કળિયુગનું પ્રધાનપણું આટલું ન હતું. કારણ તે સમયે આપણા દેશના વડા પ્રધાન પંડિત શ્રી જવાહરલાલ નહેરુ ખુલ્લી ગાડીમાં રોડ પર નીકળ્યા હતા અને સૌનું અભિવાદન ઝીલતા હતા. વર્તમાન સમયમાં કળિયુગ યુવાન થતો જાય છે. જે આપણે જોઈ રહ્યાં છીએ. આતંકવાદ દેશ અને દુનિયામાં વધતો જાય છે.

લાલજી મહારાજશ્રી ભાવિ પેઢીને સત્સંગનું ખૂબજ સુખ આપે અને કુટુંબ પરિવારમાં પણ સૌને રાજી કરે અને તેમનો ઈતિહાસ સુવર્ણાક્ષરે લખાય તેવી સર્વાવતારી શ્રીહરિને પ્રાર્થના.

બીજો એક સંકલ્પ કર્યો છે. આપણા આદિ આચાર્યશ્રી જે અમારા દાદા પૂજ્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને આવતા જેઠ માસમાં પ્રાગટ્યના ૨૦૦ વર્ષ પૂર્ણ થાય છે. તેમના સમયમાં તેમણે સત્સંગ માટે જે કામકર્યું છે. તેમણે સત્સંગને જે આપ્યું છે તેની આપણને સૌને ઝાંખી થાય તે હેતુને અનુલક્ષીને ૨૦૦ મી જન્મજયંતી આગામી જેઠ માસમાં ભવ્યતાથી ઉજવવા આચાર્ય મહારાજશ્રી અને અમે સંકલ્પ કર્યો છે. તો સર્વે સંત-હરિભક્તો આ મહોત્સવ ઉજવવા કટિબધ્ધ થશો. તેવી આજ્ઞા કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે અમદાવાદમાં બોમ્બ ધડાકામાં મૃત્યુ પામેલા આત્માઓની શાંતિ માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. આજનું સુંદર સભા સંચાલન શા. સ્વામી હરિઓમપ્રકાશદાસજી (સંચાલક, જેતલપુર વાડી)એ સંભાળ્યું હતું.

આ મહોત્સવના યજમાન લંડન નિવાસી પ.ભ. અશોકભાઈ નારણભાઈ પટેલ અને ચિ. પ.ભ. હરિન્દ્ર પટેલે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન, ભેટ ધરી આરતી ઉતારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અલૌકિક આશીર્વાદ મેળવ્યા હતા.

(શા. રામાનુજદાસજી)

અમદાવાદ મંદિરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા આપણા ઈષ્ટદેવ

સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૭માં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પ્રાત ૮-૦૦ કલાકે મંદિરમાં પધાર્યા ત્યારે હજારો સંત હરિભક્તો દર્શન-આશીર્વાદની પ્રતિક્ષા કરી રહ્યા હતા. ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારીને પ્રસાદીના સભામંડપમાં સુંદર દિવ્ય સિંહાસન પીઠસ્થાન પર બિરાજમાન થયા. ત્યારબાદ પંડિતોએ સ્વસ્તી વાચન કરીને પૂજન-અર્ચન વેદ પરંપરાગત કર્યું હતું. ત્યાર પછી પૂ. મહંત સ્વામી અને વડીલ સંતોએ આરતી ઉતારી પુષ્પહાર પહેરાવી ગુરુ પૂજન કર્યું હતું. શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમકમિટીના સર્વે ગૃહસ્થ સભ્યશ્રીઓએ સમૂહ આરતી ઉતારીને ગુરુ પૂજન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિર દ્વારા પૂ. મહંત સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી "તમે મીઠું બોલોને" એ ટાઈટલથી બાળ કલાકારશ્રી રિંકેશ પટેલ (જયપુર)ના સ્વરે ગવાયેલ ઓડિયો સીડી જે અ.નિ. પ.ભ. માણેક બહેન કાલીદાસ પટેલ (ભગવાનપુરા તા. કલોલ) હ. સુપુત્ર શ્રી કાંતિભાઈ પટેલ (સાઉથ કોરીયા)ના સૌજન્યથી તૈયાર કરવામાં આવેલ જેનું સંકલન સાધુ ધર્મકિશોરદાસ અને શ્રી પ્રવિણ પટેલે કર્યું છે. જેનું વિમોચન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયુ હતું. આજે દેશો દેશથી અનેક સંતો-મહંતો પધાર્યા હતા. અને આપણા સૌના ધર્મગુરુના પૂજન માટે આતુરતાથી પ્રતિક્ષા કરતા હતા. દેશ-વિદેશથી પણ હજારો હરિભક્તો પોતાના ગુરુના પૂજન માટે આતુરતા પૂર્વક પ્રતિક્ષા કરતા હતા. સૌ પ્રથમ સર્વે સંતોએ પૂજન અર્ચન કરી પુષ્પહાર પહેરાવીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ શ્રીહરિના સર્વે હરિભક્તોએ શિસ્ત બધ્ધ લાઈનમાં દર્શન આશીર્વાદનો લાભ મેળવ્યો હતો. ગુરુ પૂજન સભા સતત ચાર કલાક પર્યન્ત ચાલી હતી. દરેક હરિભક્તને મન આજે દર્શન કરી આશીર્વાદ લીધા વગર પાણી સુદ્ધા પીવું ન હતું. વરસમાં આંવેલો ગુરુ પૂજનનો આ મહોત્સવ જીવનમાં મળ્યો છે. જેથી આપણા મોક્ષ અને કલ્યાણ માટેનો આજ સર્વોપરિ પ્રસંગ છે. અમદાવાદ મંદિરમાં કોઠારી સ્વામીએ અને સંત-પાર્ષદ મંડળે સભામંડપને ખૂબજ કલાત્મક રીતે વિવિધ રંગની ડિઝાઈન વાળી સાડીઓ અને ધજા પતાકાથી શણગારવામાં આવેલ. આજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન હતા. જેથી પોતાના તમામ આશ્રિતોને ગુરુ પૂર્ણિમાના અલૌકિક આશીર્વાદ વરસાવીને એક વરસનું બેલેન્સ કરી આપ્યું હતું. (પૂ. મહારાજશ્રીના આશીર્વાદ અત્રે અંકમાં પ્રકાશિત કરેલ છે.) આ પ્રસંગે ગુરુ પૂર્ણિમાનું મહિમા-માહાત્મ્ય ચરાડવા મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસે સમજાવ્યું હતું.

ગુરુ પૂર્ણિમા-ગુરુપૂજનના યજમાન પ.ભ. શામજીભાઈ લાલજીભાઈ ભુડીયા હસ્તે સુપુત્ર પ.ભ. મનજીભાઈ શામજીભાઈ ભુડીયા, પૌત્ર રાજેશ તથા દિપક - ગામફોટડી (કચ્છ) હાલ લંડન રહ્યા હતા. આજનો પ્રસંગ અતિ ધન્ય અને રળીયામણો હતો.

(સાધુ ધર્મકિશોરદાસ)

અમદાવાદ મંદિર દ્વારા આયોજીત સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી કોઠારી શાસ્ત્રી સ્વામી રામાનુજદાસજી અને શાસ્ત્રી ધર્મકિશોરદાસજી આદિ સંત મંડળે ગત માસે ચાંદખેડા, જનતાનગર, જીવરાજપાર્ક, ઘાટલોડીયા અને લુણાવાડા ગામે સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. સૌ પ્રથમ સંતો એ ઠાકોરજીની આરતી ઉતારીને કીર્તન ભક્તિ ધૂન કરી હતી. ત્યારબાદ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય મહિમા સાથે અને અનેક દ્રષ્ટાંત સહિત સમજાવ્યું હતું. સાથે સાથે ધર્મકુળ-ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું પણ માહાત્મ્ય સમજાવ્યું હતું. દરેક આપણા મંદિરોમાં આયોજીત સભામાં હરિભક્તો મોટી સંખ્યામાં કથાવાર્તાનો લાભ લેવા પધાર્યા હતા. હરિભક્તોને કથાની ખૂબ ભૂખ હોય છે. અને તે પણ જો સંતોનો સમાગમ મળે તો કલાકોના કલાક સુધી સતત કથામાં તન્મય બની જાય છે. આમ આપણા સંતો અવાર-નવાર જ્યાં હરિભક્તો આમંત્રણ પાઠવે ત્યાં કથા કરવાનું આયોજન કરીને હરિભક્તોને માંગ સંતોષે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી પણ સંતોની આવી પ્રવૃતિથી ખૂબજ રાજી થઈને આશીર્વાદ આપે છે.

(કલ્પેશ પટેલ)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ દ્વારા લેવામાં આવતી પરીક્ષા તા. ૨૩-૧૨-૦૮ ને રવિવારના જે તે કેન્દ્રો પરથી લેવામાં આવશે. સંચાલક મિત્રોએ પોતાના કેન્દ્રની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની યાદી અત્રે વહેલાસર મોકલી આપવી. નવા કેન્દ્ર જ્યાં ચાલુ કરવામાં આવશે તે કેન્દ્રના સંચાલકોને ધાર્મિક પરીક્ષાનો એક સેટ ભેટ આપવામાં આવશે.

(શ્રી ન.ના.દેવ ધાર્મિક પરીક્ષા વિભાગ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.)

ઈડર મંદિરનો ૧૬૩ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા મહંત જગદીશપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૩ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોને અભિષેક વિધિ થઈ હતી. અન્નકૂટનો આરતી કરીને પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. લાલોડાના પટેલ સાંકાભાઈ મુળચંદભાઈ પરિવાર પૂ. મહારાજશ્રીને ફૂલહાર, આરતી કરી, ભેટ ધરીને રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

સભામાં પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર) તથા વડનગર, સોકલી, ટોરડા, હિંમતનગર, પ્રાંતીજ, લાલોડા વગેરે ધામોના સંતોએ પ્રવચનો કર્યા હતા. સ્કીમકમિટી સભ્ય ડૉ. કે. કે. પટેલે પણ ઉદ્બોધન કર્યું હતું. પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે અત્યારે મા-બાપે સંતાનોને વારસામાં સત્સંગ આપવાની ખાસ જરૂર છે. તેમ કહી ખૂબજ પ્રસન્ન થયા હતા. છેલ્લે મહંતશ્રી તથા કોઠારી સત્યસંકલ્પ સ્વામીએ ઈડર ખાતે કરેલા વિકાસની સરાહના કરી હતી.

સભા સંચાલક શાસ્ત્રી હરિજીવન સ્વામીએ ઈડર મંદિરના સુવર્ણકળશ મહોત્સવની રૂપરેખાની જાહેરાત કરી હતી. છેલ્લે ગામોગામથી પધારેલા હરિભક્તો, પ્રસાદ લેવા પધાર્યા હતા.

લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો ૧૬ મો વાર્ષિકોત્સવ છપૈયા ધામ સોસાયટીમાં નિર્માણ થઈ રહેલા આપણા મંદિરમાં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી રામાનુજદાસજી અને શા. સ્વા. હરિજીવનદાસજી પધાર્યા હતા. અને સત્સંગ સભામાં ચાતુર્માસના નિયમો વિષે દરેક હરિભક્તોને સમજણ પુરી પાડી હતી. યુવાનોને ખાસ આગ્રહપૂર્વક નિયમો લેવડાવી સુંદર પ્રેરણાત્મક ઉદ્‌બોધન કરીને સાચો રાહ ચિંધ્યો હતો. હરિભક્તોને સંત સમાગમથી વિશેષ આનંદ સાથે સત્સંગ વિષે પણ ઘણું સમજવાનું મળ્યું.

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સાં.બચીબા તથા સાં. નર્મદાબાની પ્રેરણાથી અ.નિ. પૂજ્યશ્રી પ્રફુલકુમાર દ્વિવેદીના સ્મરણાર્થે શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ અત્રેના સત્સંગી બહેનો તરફથી કરવામાં આવેલ. સાં. સવિતાબેન (ગુ. સાં. બચીબા જેતલપુર)ના વક્તાપદે તા. ૬-૭-૦૮ થી તા. ૧૨-૭-૦૮ પર્યન્ત આયોજન થયું હતું. કથામાં આવતા લીલા પ્રસંગો ધામધૂમથી ઉજવ્યા હતા. સાં. રંજનબેને આ પ્રસંગનું આયોજન કર્યું હતું.

(મહિલા સત્સંગ મંડળ)

એપ્રોચ (બાપુનગર) મંદિર

અષાઢ સુદ-૧૦ના શુભ દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી અત્રે વન વિચરણ પ્રસંગના દર્શન કરવા પધાર્યા હતા. અને ખૂબ આનંદિત થયાં હતા. તેથી હરિભક્તો શ્રી નીલકંઠવર્ણીનું તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીનું દર્શન કરી ધન્યભાગી બન્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ધર્મકુળના આશીર્વાદથી અત્રે દર એકાદશીએ જાગરણ તથા દર શનિવારે રાત્રે વિશેષ સત્સંગ સભાનું આયોજન થાય છે. તેમજ બહેનો પણ દર શનિવારે વિશેષ સત્સંગ સભાનું આયોજન કરે છે. તા. ૧૦-૭-૦૮ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ચાતુર્માસમાં જે બહેનોએ એકાદશી રાત્રી જાગરણ કર્યું હતું તેઓને પોતાના વરદ્ હસ્તે શિક્ષાપત્રી ભાષ્ય તથા શનિવારની સભામાં હાજરી આપનાર દરેક બેહનોને સંત સમાગમપુસ્તક ભેટ આપ્યા હતા. આથી સમસ્ત બહેનોને સત્સંગ વિશેષ કરવાનું બળ મળ્યું છે.

(ગોરધનભાઈ સીતાપરા)

દોલારાણા વાસણા

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૫-૬-૦૮ ના રોજ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક, સમૂહ મહાપૂજા, અન્નકૂટ આદિ કાર્યક્રમો ધામધૂમથી સંપન્ન થયા હતા.

આ પાટોત્સવ પ્રસંગે શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સમૂહ મહાપૂજા તેમજ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળ માહાત્મ્યની સત્સંગ દ્વારા કથા કરી હતી. છેલ્લે મહામંત્ર ધૂન સાથે પ્રસંગ પૂર્ણ થયો હતો.

(હાર્દિક ભગત ગુ. શા. છપૈયાપ્રસાદદાસ)

ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં આરોગ્ય કેમ્પ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનીઆજ્ઞાથી ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપક્રમે તા. ૧૭-૮-૦૮ને રવિવારના સવારે ૯ થી ૧૨ આરોગ્ય લક્ષી કેમ્પમાં નાક, કાન, ગળા અને આંખનો ફ્રી નિદાન કેમ્પ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે રાખવામાં આવેલ છે.

(ડૉ. રમેશભાઈ પરીખ)

અયોધ્યા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી અષાઢ સુદ-૪ ના શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેના યજમાન પદનો લાભ પ.ભ. દક્ષાબેન હરિપ્રસાદ સ્વામિનારાયણ પરિવારે લઈને દેવ અને ધર્મવંશી-ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. ઠાકોરજીને અભિષેક, શણગાર આરતી અને ત્યારબાદ અન્નકૂટ ધરાવવામાં આવેલ. ગુજરાતના અને અન્ય પ્રાન્તના યાત્રિકો પાટોત્સવના દર્શન કરીને ખૂબજ હર્ષ પામ્યા હતા.

(શા. માધવ સ્વામી)

મૂળી પ્રદેશના સમાચાર

સાયલા મંદિર દ્વારા રથયાત્રા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી સાયલા નગરમાં અષાઢી બીજના સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની રથાયાત્રા નગરમાં ફરી હતી. શેરીએ શેરીએ દર્શનાર્થી ઉમટ્યા હતા. આ યાત્રામાં બાળકો દ્વારા લાઠીદાવ, તલવાર બાજી, હુંડો (ગામઠી દેશી નૃત્ય) આદિ અંગ કસરતના દાવ કરીને સૌને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા. શા.સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ શા.સ્વા. આત્મપ્રકાશદાસે સુંદર વ્યવસ્થા કરી હતી.

(રણધીરસિંહ ઝાલા)

લીંબડી મંદિરમાં (ત્રણે) ગુરુ-પૂર્ણિમા ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભાર્શીવાદ સહ આજ્ઞાથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી અને જેતલપુર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી અત્રેના ત્રણે મંદિરમાં ઠાકોરજીનું પૂજન અર્ચન આરતી અને શ્રી નરનારાયણદેવ પીઠના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. પ્રસાદીની ચાંખડીના દર્શન કરી સૌ ભક્તજનો ભાવ વિભોર થયા હતા. અત્રે નવા નિયુક્ત મહંત સ્વામી ભક્તવત્સલદાસનું સત્સંગ સમાજ અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળે સન્માન કર્યું હતું. સભા સંચાલન પૂજારી વંદનપ્રકાશ તથા સી. સી. પટેલે કર્યું હતું.

(પૂજારી સ્વામી)

ધ્રાંગધ્રાં બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે ધ્રાંગધ્રા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી સાં. કંચનબા, હિરાબા તથા ભગવતીબાની પ્રેરણાથી દર અગીયારસે સાંજે ૪ વાગ્યે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના ૧૦૦ કીર્તનો ગવાય છે. સભામાં ૧૦૦ ઉપરાંત બહેનો લાભ લેવા આવે છે. અહિંયા બહેનો દ્વારા સત્સંગ ખૂબજ સુંદર ચાલે છે.

(જયશ્રીબેન સોની)

ખાખરેચી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અષાઢ સુદ-૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૬ કલાક પર્યન્ત ધૂન કરવામાં આવી હતી. સંતોએ કથાવાર્તાનો લાભ આપેલ. સંતોએ શ્રીરાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર રહી નિયમ, નિશ્ચય અને પક્ષ દ્રઢ રાખવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

(પ્રભુ ભગત)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનિયા શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O અમેરિકા)

અત્રે આપણા કોલોનિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નિર્જલા એકાદશીના રોજ મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી મહાપૂજા વિધિ શ્રી રોહિત પંડ્યાએ કરાવી હતી. સતત ત્રણ કલાક વિધિ ચાલી હતી. ભાઈ-બહેનો સૌ મંદિરના હોલમાં પોતપોતાના સ્થાને ગોઠવાઈને મહાપૂજાનો લાભ લીધો હતો. સ્વામીએ ભીમઅગીયારસનું મહિમા-માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવ્યું હતું. યજમાન પરિવારોનું મંદિર દ્વારા મહંત સ્વામી અને ટ્રસ્ટી મંડળે સ્વાગત કર્યું હતું. છેલ્લે જનમંગલ પાઠ, સંધ્યા આરતી અને થાળ કરીને પ્રસંગ પૂર્ણ થયો હતો.

(પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O ચેપ્ટર, અમેરિકા)

અહીં વોશિંગ્ટન બુવી મેરીલેન્ડમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૫ જૂન રવિવારના સાંજે ૪ થી ૭ સર્વનાપાર્ક કમ્યુનિટી સેન્ટરના હોલમાં વિશાળ સત્સંગ સભા યોજાઈ હતી. જેમાં ભજન-કીર્તન-વચનામૃત (૨૭૩) ની કથા થાળ-આરતી આદિ કાર્યક્રમો થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અહીં નિયમિત સત્સંગ સભા થાય છે અને હરિભક્તોની સંખ્યાંમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

(કનુભાઈ પટેલ)

એટલાન્ટા શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O. ચેપ્ટર અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી ની આશીર્વાદ સહ આજ્ઞાથી આપણા I.S.S.O. સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટાનો પ્રથમ પાટોત્સવ ૧૧ જુલાઈ થી ૧૩ જુલાઈ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક પારાયણ આપણા ફલોરિડા મંદિરના સંત શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીના વક્તાપદે થઈ હતી. જેમાં શ્રી ઘનશ્યામમહારાજના પાર્દુભાવથી અંતર્ધાન સુધીની લીલા ચરિત્રો આબેહૂબ વર્ણવ્યા હતા. જેથી હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. કથા દરમ્યાન શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રથમ આરતી કાલવાણીમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ કરેલ તેની તેમજ મહાપૂજા અને કથાની પૂર્ણાહુતિની ઉછવણી કરવામાં આવી હતી. જેનો અલભ્ય લાભ પ.ભ. કિરીટભાઈ પટેલ તથા પ.ભ. રાજેશભાઈ પટેલે લીધો હતો. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે સમસ્ત સત્સંગીઓને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફોન દ્વારા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સત્સંગીઓ સૌ આશીર્વાદનું આચમન કરીને ધન્ય ધન્ય બની નાચી ઉઠ્યા હતા.

આ પ્રસંગમાં એટલાન્ટાના બહેનોએ ખૂબજ શ્રધ્ધા-ભક્તિ પૂર્વક સેવા કરીને ઠાકોરજીના અન્નકૂટ માટે ૧૦૮ થી પણ વિશેષ વાનગીઓ પ્રેમથી તૈયાર કરી હતી. ધન્ય છે બહેનોની સેવાને.

(એટલાન્ટા સત્સંગ મંડળ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નીચેના આપણા મંદિરોમાં નવા મહંત સ્વામીની નિમણૂંક કરી છે.

ન્યુ દિલ્હી : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા મંદિરના મહંત) ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી.

લીંબડી (મૂળીદેશ) : શ્રી સ્વામિનારાયણ મંદિર (છાલીયાપરા)ના મહંત સાધુ ભક્તવત્સલદાસજી ગુરુ સ્વામી સત્સંગપ્રકાશદાસજી.

મકનસર (તા. મોરબી-મૂળીદેશ) : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી અક્ષરસ્વરૂપદાસજી (મૂળી).

સાપાવાડા : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી.

હિંમતનગર : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત (ઈડર મંદિર મહંત) સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (મહુન્દ્રાવાળા).

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચાતુર્માસ નિમિત્તે	સઈજ
૧૦૨-૦૦ શ્રી ભરતકુમાર યોગેશભાઈ રામપરીયા જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ ઠાકરસીભાઈ ટાંક ધો.-૧૦ માં પાસ થાય તે નિમિત્તે	વિજલપુર
૧૦૧-૦૦ શ્રી નયનકુમાર રમેશભાઈ મનાણી ૧૧ સાયન્સમાં એડમીશન નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦ શ્રી નિમાબેન દિનેશચંદ્ર પટેલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ચંદ્રિકાબેન સુભાષભાઈ પટેલ ચિ. ગૌરાંગના લગ્ન પ્રસંગે	ઈસનપુર
૧૦૧-૦૦ શ્રી સુભાષભાઈ હિતેષભાઈ પટેલ પુત્રીના જન્મપ્રસંગે	ઈસનપુર
૨૫૧-૦૦ શ્રી ભાવિકકુમાર અનીલભાઈ પટેલ પુત્રીને સ્કુલે બેસાડી તે નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦ શ્રી નંદકિશોર એ. પટેલ ચિ. રિન્કી અને રિપલ ધો-૧૨ માં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી મોહનભાઈ તથા રમણીકભાઈ વરૂ પુત્ર-પુત્રીના લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦ શ્રી ગંગદાસભાઈ ભવાનભાઈ રાઠોડ ચિ. તૃપ્તિને બી.એડ.માં ૭૩ ટકા આવ્યા તે નિમિત્તે	ટીંબાવાળા
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ પટેલ શાહીબાગમાં નવું મકાન રાખ્યું તે નિમિત્તે	વિહારવાળા
૧૦૧-૦૦ શ્રી પ્રેમીલાબેન મોહનભાઈ ચોટલીયા શ્રીજી પ્રસન્નાર્થે	નવસારી
૧૦૦-૦૦ શ્રી રમેશસિંહ જવાનસિંહ વાઘેલા પુત્ર જન્મદિન પ્રસંગે	ખોડા
૧૦૧-૦૦ દર્શન મુકેશભાઈ મારવી અંગ્રેજી મિડીયમસ્કુલમાં એડમીશન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ કરણ ધર્મશભાઈ મારવી ધો-૫માં ફર્સ્ટ આવ્યો તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ પ્રિયા ધર્મેશભાઈ મારવી ધો-૩ માં ફર્સ્ટ આવ્યો તે નિમિત્તે	બોરીવલી
૫૦૧-૦૦ શ્રી મનસુખભાઈ ગોકળભાઈ મારવી ઈનોવા ગાડી લીધી તે નિમિત્તે	બોરીવલી
૧૦૧-૦૦ શ્રી જીજ્ઞાબેન મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦ શ્રી આરતીબન હરેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦ શ્રી વંદન એસ. પટેલ સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦ શ્રી અજમલભાઈ ગણેશભાઈ ચાવડા ચિ. અસ્મિતા ધો-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે	વધાડા
૧૦૧-૦૦ શ્રી ગાયત્રીબેન ભરતકુમાર જાદવ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	માલનપુર
૨૦૦-૦૦ શ્રી લીલાબેન નારણભાઈ પટેલ ભાણો ધો-૧૦ માં પાસ થયો તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી રેવાબેન રણછોડભાઈ પટેલ બદ્રિનારાયણ-કેદારનાથ ધામયાત્રા નિમિત્તે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી હિરાકાન્તા હિંમતલાલ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦ ડૉ. ધર્મેશકુમાર નટવરલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦ શ્રી રવુભા ગોવુભા વાઘેલા નવું મકાન લીધું તે નિમિત્તે	ખોડા
૧૦૧-૦૦ શ્રી હાલુભા અચુભા વાઘેલા ચાર ધામયાત્રા નિમિત્તે	ખોડા
૧૫૧-૦૦ શ્રી જગદીશભાઈ ભીમજીભાઈની ચિ. પુત્રી નયનાબેનના સ્મરણાર્થે	જામસર
૧૦૧-૦૦ શ્રી પાર્થ ગોવિંદભાઈ રામાભાઈ પટેલ ધો-૧૦ માં ૮૭ ટકાએ પાસ થયા તે નિમિત્તે	દેલવાડા
૧૦૧-૦૦ શ્રી ચિરાગભાઈ રમેશભાઈ પટેલ ચિ. કિશની બાબરી નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી જસુભાઈ હેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૧૦૧-૦૦ શ્રી બ્રિજેશકુમાર ભરતભાઈ ધો-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦ શ્રી દિલીપભાઈ હરજીવનદાસ પટેલ બી.એડ.માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	રતનપર
૧૦૧-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	

૧૦૧-૦૦ શ્રી ગોપાલસિંહ લઘધીરસિંહ વાધેલા ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ખોડા
૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ ગોવિંદભાઈ પટેલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	કુહા
૧૫૧-૦૦ શ્રી કલાવતીબેન મુકુંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કરજીસણ
૨૦૧-૦૦ શ્રી જયેશભાઈ જગજીવનભાઈ પટેલ નવી સફારી લાવ્યા તે નિમિત્તે	વાઘોડીયા
૧૫૧-૦૦ શ્રી નરેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી હંસાબેન મધુભાઈ કોઠીયા જન્મદિન નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ચુનીલાલ હેમરાજભાઈ ચૌહાણ ચિ. સોનું અને પ્રતિક પાસ થયા તે નિમિત્તે	જામસર
૧૦૧-૦૦ શ્રી વિપુલ રણછોડભાઈ પટેલ ચિ. તીર્થના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦ શ્રી વિશ્વ મનીષકુમાર પટેલ જન્મદિન નિમિત્તે	કલ્યાણપુરા
૧૦૧-૦૦ શ્રી અમરીષ જયંતીલાલ પટેલ ચિ. વ્યોમને સ્કુલમાં એડમીશન નિમિત્તે	મુંબઈ
૧૦૦-૦૦ શ્રી જીતેન્દ્ર દશરથલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ
૧૦૧-૦૦ શ્રી રાજુભાઈ શાંતિલાલ ચિ. પલક અને સિદ્ધાર્થ ફર્સ્ટ કલાસ પાસ થયા તે નિમિત્તે	વાસણા
૧૦૧-૦૦ શ્રી મિતુલ કમલેશભાઈ પટેલ ધો-૧૦ માં ૮૨ ટકા આવ્યા તે નિમિત્તે	અડાલજ
૧૦૦-૦૦ શ્રી હેતાંગ પટેલ ધો-૧૨ માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી ખ્યાતિ જીતેન્દ્ર ટાંક સ્કુલમાં એડમીશન નિમિત્તે	અંધેરી
૧૦૧-૦૦ શ્રી વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વામજ
૧૦૧-૦૦ શ્રી ડાહ્યાભાઈ સોમદાસ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	ઈટાદરા
૧૦૧-૦૦ શ્રી મિતલબેન ડાહ્યાભાઈ પટેલ કોલેજમાં એડમીશન નિમિત્તે	ઈટાદરા
૧૦૧-૦૦ શ્રી સતીષકુમાર પરસોત્તમદાસ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	ઘોડાસર
૧૦૧-૦૦ શ્રી ઉત્તમદયાળજીભાઈ ચૌહાણ ધો-૧૦ માં ૯૮ ટકા આવ્યા તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી ભાવેશકુમાર પ્રવિણભાઈ પ્રજાપતી નોકરીમાં પ્રમોશન નિમિત્તે	ચાણસ્મા
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈટીંબા
૨૫૦-૦૦ શ્રી મુકેશભાઈ ભોળીદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઈટાદરાવાળા
૧૦૧-૦૦ શ્રી શાંતિલાલ એમ. દરજી પુણ્યતિથિ નિમિત્તે (અષાઢ સુદ-૫)	સાદરા
૧૦૧-૦૦ શ્રી હંસાબેન જોરૂભા ગઢવી શ્રીજી પ્રસન્નાર્થે	સાદરા
૧૦૧-૦૦ શ્રી કેતન પી. મનાણી નોકરી મળી તે નિમિત્તે	રાજકોટ
૧૦૦-૦૦ શ્રી હિનાબેન નિલેશભાઈ ટાંક ચિ. દર્શનના જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૦-૦૦ શ્રી ચિરાગભાઈ અમરશીભાઈ વેગડ ધો-૧૨ માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	વ્યારા
૧૧૦-૦૦ શ્રી સુભદ્રાબેન રમેશભાઈ પટેલ છપૈયાધામયાત્રા નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રીહરિસિધ્ધબેન ભરતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૦-૦૦ શ્રી કસ્તુરબેન દેવશીભાઈ વરૂ ચિ. સંગીતાના લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦ શ્રી પ્રજ્ઞેશકુમાર પ્રવિણભાઈ પટેલ ધો-૧૨ સાયન્સમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	ખેરોલ
૨૦૨-૦૦ જેશંગભાઈ કાનજીભાઈ સિંધવ ચિ. નિલમને બી.બી.એ.માં અને ચિ. હિતેષને બી.ફાર્મમાં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે	બળોલવાળા
૧૦૧-૦૦ મોન્ટુ મુકેશભાઈ પટેલ એસ.વાય.બી.કોમ.માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦ શ્રી રૂત્વિક બાબુભાઈ પટેલ ધો-૨ માં પ્રથમનંબર આવ્યો તે નિમિત્તે	દેઉસાણા
૧૦૦-૦૦ શ્રી જયવદન ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૦-૦૦ શ્રી સરોજબેન રણછોડભાઈ અમરનાથ યાત્રા નિમિત્તે	મુબારકપુર
૧૦૦-૦૦ શ્રી છાયાબેન ભૂપેન્દ્રકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૧૦૧-૦૦ શ્રી ગીરીશભાઈ પરસોત્તમદાસ પંચાલ નવું બાઈક લીધું તે નિમિત્તે	ટાંકાટૂંકા
૧૦૦-૦૦ શ્રી હિતેશ જસવંતભાઈ ભાવસાર ટી.વાય.માં પાસ થયા તે નિમિત્તે	વિરમગામ
૧૫૧-૦૦ શ્રી બ્રિજેશકુમાર નારણભાઈ પટેલ નવી દુકાન લીધી તે નિમિત્તે	ગોઠીબ
૧૦૦-૦૦ શ્રી દર્સિલાબેન ભરતભાઈ પટેલ લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૦-૦૦ શ્રી દર્શિતાબહેન યુ.કે.ના વિઝા મળ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦ ધ્રુવ કિંજલકુમાર પટેલ જન્મદિન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી શિતલભાઈ પ્રહલાદભાઈ પટેલ એમ.એસ.સી. પાર્ટ-૧ માં પાસ થયા તે નિમિત્તે	બીલીયા
૧૦૧-૦૦ શ્રી દર્શનકુમાર રાજેશભાઈ વરૂ પૂજા લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભીખાલાલ ગણપતભાઈ સુથાર નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી ભૌમિક તુષારભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	મણીનગર
૧૦૧-૦૦ શ્રી અલ્પાબેન મુકેશભાઈ ભાટીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ

૧૦૧-૦૦ શ્રી તનવીબેન મયુરભાઈ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	ઓકલેન્ડ
૧૦૧-૦૦ શ્રી પૂજાબેન હર્ષદભાઈ પરમાર ચિ. જયના જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી દયાળજીભાઈ મોતીભાઈ ટાંક ચિ. ભાણો જયના જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૦-૦૦ શ્રી ભૂમિકાબેન ઈશ્વરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કડીવાળા
૧૫૧-૦૦ શ્રી રઈબેન તથા રમેશભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ અમૃતલાલ ભાવસાર નવું એકટીવા લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વૈભવ રજનીકાંત શેઠ ચિ. પુત્ર ૧૨ સાયન્સમાં પાસ થયો તે નિમિત્તે	બાંકોર
૫૦૧-૦૦ શ્રી હાર્દિકા પ્રવિણકુમાર દવે એમ.એસ.સી. હ્યુમન જિનેટીક સ્કુલ ઓફ સાયન્સમાં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી નરનારાયણ કોમ્યુનિકેશન નવી ઓફિસ કરી તે નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦ શ્રી જયશ્રીબેન અમરસીભાઈ લગ્ન નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦ શ્રી રાજેશભાઈ પોપટભાઈ ધાનાણી વર્ષાબેનને નોકરી મળી તે નિમિત્તે	અમરેલી
૧૦૧-૦૦ શ્રી જલ્પાબેન સુધીરકુમાર પટેલ શ્રીમંત નિમિત્તે	ચલોડા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	નારણપુરા
૧૦૧-૦૦ શ્રી જયેશકુમાર છગનલાલ રાઠોડ ચિ. દર્શનની બાબરી ઉતરાવી તે નિમિત્તે	વિર્લે પાર્લે
૧૦૦-૦૦ શ્રી જિજ્ઞેશકુમાર અનીલભાઈ ચિ. જેનીના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી કાનજીભાઈ રેવાભાઈ પટેલ બદ્રિકેદાર યાત્રા નિમિતે	ગવાડા
૨૦૧-૦૦ શ્રી મધુબેન ભીખાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી શીવાભાઈ મણીભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	કુબડથલ
૧૦૧-૦૦ અ.નિ.પ.ભ. મોનીકાબેન શશીકાન્ત ઠક્કરના સ્મરણાર્થે	વાસણા
૧૫૦-૦૦ મિત જીતેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૫-૦૦ શ્રી મનીષભાઈ કરશનભાઈ પ્રજાપતી ચિ. દિવ્યાના જન્મપ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રમણભાઈ હરગોવનદાસ ભાવસાર નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી દેવશ્યની એકાદશી નિમિત્તે	સેટેલાઈટ
૧૧૧-૦૦ શ્રી નટવરલાલ રણછોડલાલ મોદી ચિ. પૌત્રી મીના એમ.એસ.સી. પાર્ટ-૧માં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રીનાથ પ્રસ્થાન શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦ શ્રી ધર્મેશભાઈ મનસુખભાઈ મારવી ચિ. પ્રિયાના જન્મદિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી અંકિત બિપીનભાઈ ટાંક ગુરુ પૂર્ણિમા નિમિત્તે	કાંદીવલી
૧૦૧-૦૦ શ્રી નિમિષ બિપીન ટાંક ગુરુ પૂર્ણિમા પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી દેવચંદભાઈ કે. ચૌહાણ કુવૈતમાં પ્રથમપગાર નિમિત્તે	લીમડી
૫૦૧-૦૦ શ્રી દયાળજીભાઈ કુંવરજીભાઈ ટાંક તેમના માતુશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ તુલસીભાઈ સાપરીયા ચિ. ધવલ ધો-૧૦માં પાસ થયો તે નિમિત્તે	કાંદીવલી
૨૫૧-૦૦ શ્રી અરવિંદભાઈ તુલસીભાઈ સાપરીયા નવું મકાન લીધું તે નિમિત્તે	કાંદીવલી
૨૦૨-૦૦ શ્રી અશોકભાઈ સોમાભાઈ દરજી ચિ. મેધાને પી.ટી.સી.માં ફર્સ્ટ ક્લાસ અને નવુ સ્કુટી લાવ્યા તે નિમિત્તે	ધનસુરા
૧૦૦-૦૦ શ્રી અશોકભાઈ અંબાલાલ ચૌધરી નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	પ્રતાપપુરા
૧૦૧-૦૦ શ્રી છગનભાઈ રવજીભાઈ સાપરીયા ગુરુ પૂર્ણિમા નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦ શ્રી જયંતીલાલ સુખલાલ વેગડ ગુરુ પૂર્ણિમા પ્રસંગે	વલસાડ
૧૦૦-૦૦ અમી પરસોતમભાઈ પટેલ સેકન્ડ વર્ષ ડીસ્ટ્રીકંશન નિમિત્તે	કડી
૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ માવજીભાઈ ચાવડા ચિ. દર્શનના જન્મનિમિત્તે	ફાટસર
૧૦૧-૦૦ શ્રી નારણભાઈ પોપટભાઈ ટાંક ગુરુ પૂર્ણિમા પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી બિપીનભાઈ જેશંગભાઈ ખટાણા નવું બાઈક લીધું તે નિમિત્તે	બળોલ (ભાલ)
૨૫૧-૦૦ શ્રી દર્શનાબેન સુરેશભાઈ પટેલ ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી ફેમિલ મુકેશભાઈ પટેલ પગાર થયો તે નિમિત્તે	રાણીપ
૨૦૧-૦૦ શ્રી સરોજબેન હિતેન્દ્રકુમાર પટેલ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે	
૨૦૧-૦૦ શ્રી ગોરધનભાઈ પરસોતમચૌહાણ ચિ. ઘનશ્યામને ત્યાં પુત્ર જન્મપ્રસંગે	બારડોલી
૧૦૧-૦૦ શ્રી ચંદ્રિકાબેન સુભાષભાઈ પટેલ ચિ. જહાન્વીના જન્મદિન પ્રસંગે	ઈસનપુર
૫૦૧-૦૦ શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ ભાવસાર નિવૃત થયા તે નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦ શ્રી વિષ્ણુભાઈ શાંતિભાઈ પટેલ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી મનીષોબન નટવરલાલ પટેલ લગ્ન પ્રસંગે	વડુ
૧૦૧-૦૦ હર્લિ પ્રકાશભાઈ મોદી જન્મદિન નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦ શ્રી એલ.વી. પરમાર ગુરુ પૂર્ણિમા નિમિત્તે	બળોલ-ભાલ (મોરબી)
૧૦૧-૦૦ શ્રી નિમિષા સતીષચંદ્ર પટેલ નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ

૧૦૦-૦૦ શ્રી વિનોદ ભીખાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૫૧-૦૦ શ્રી ધવલ જયંતીભાઈ જોઈતારામપટેલ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	સોજાવાળા
૧૧૧-૦૦ શ્રી મોનીકાબેન કે. ચૌહાણ સી.પી.ટી.માં પાસ થયા તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી સંજયભાઈ ગોપાલદાસ મીસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	માણસા
૧૦૧-૦૦ શ્રી ભક્તિબેન સંદિપભાઈ ચૌહાણ જન્મદિન નિમિત્તે	બારડોલી
૧૦૦-૦૦ શ્રી જનક માધવલાલ પટેલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	કોઠા
૧૦૧-૦૦ શ્રી કોકીલાબેન ઘનશ્યામભાઈ પટેલ ગુરુ પૂર્ણિમા નિમિત્તે	લસુન્દ્રા
૧૧૧-૦૦ શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ ચિ. પર્વના જન્મદિન પ્રસંગે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી નરોત્તમભાઈ જેરાજભાઈ રાઠોડ ચિ. શોભનાબેનના લગ્ન પ્રસંગે	મેઘપર
૧૦૧-૦૦ શ્રી વાલજી મૂળજી રાઠોડ લગ્ન તિથિ નિમિત્તે	મુંબઈ
૧૦૦-૦૦ અ.નિ. મણીબેન રસિકલાલના સ્મરણાર્થે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી શશીકાન્ત રસિકલાલ કાછીયા પટેલ નવો ટેમ્પો લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ચુનીલાલ કા.પ. નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી નિલેશકુમાર ઘનશ્યામભાઈ કા.પ. નવી શાકભાજીની દુકાન નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦ હિરેનકુમાર એન્ડ આકાશભાઈ નિલેશભાઈ નવી દુકાન કરી તે નિમિત્તે	કોઠંબા
૨૦૧-૦૦ શ્રી અમૃતલાલ માવજીભાઈ ચોટલીયા નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી નરસી કે. મારવી ચિ. અભિષેક, એલ.એલ.બી.માં પાસ થયો તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી હંસાબેન મહેન્દ્રભાઈ વેગડ ચિ. રાજેશને ધો-૧૦ માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી ડાહીબેન કુંવરજી વેગડ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી અજય મનસુખભાઈ ટાંક સીવીલ એન્જી. બી.ઈ.ના પ્રથમ વર્ષની સફળતા નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી આયુષી ઘનશ્યામભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	સીતાપુરવાળા
૧૦૦-૦૦ શ્રી દિનુભાઈ હિરાભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૫૧-૦૦ ડૉ. ચિરાગકુમાર જીવણલાલ ડો. એગ્રીકલ્ચર એમ.એસ.સી.માં પ્રવેશ નિમિત્તે	સોજા
૧૦૧-૦૦ શ્રી માસુમબેન ગીરીશકુમાર માણેકલાલ પટેલ સ્કુલે બેસાડી તે નિમિત્તે	ઝુલાસણ
૧૦૧-૦૦ શ્રી જયેશકુમાર રમણલાલ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી ફાલ્ગુનીબેન શકરાભાઈ પટેલ ભાણાને શ્રી નરનારાયણદેવના પ્રથમ દર્શન નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦ શ્રી સુરેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ ચિ. રાહુલને ધો-૧૦ માં ૮૮ ટકા આવ્યા તે નિમિત્તે	રાયણીયા
૧૦૧-૦૦ શ્રી વિનોદકુમાર ત્રિભોવનદાસ સુથાર ચિ. મિતલ પી.ટી.સી.માં પાસ થઈ તે નિમિત્તે	રાબડીયા
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી મણીબેન ખીમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	જાનવડ
૧૦૧-૦૦ શ્રી પિયુષભાઈ ચિમનલાલ કા. ચિ. રવિ પી.ટી.સી.માં પાસ થયા તે નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦ શ્રી ચિંતન વસંતભાઈ પટેલ લંડન ગયા તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	હિંમતનગર
૧૦૦-૦૦ શ્રી જે. જે. ભાવસાર (હ. હરિકૃષ્ણભાઈ) શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૫-૦૦ શ્રી પરસોતમવલવદાસ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૨૦૦-૦૦ શ્રી ભરતભાઈ ભોળીદાસ પટેલ ચિ. પૌત્રી દિક્ષિતા ધો-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે	ઈટાદરા
૧૦૧-૦૦ શ્રી લીલાબેન રમેશચંદ્ર મોદી શ્રીજી પ્રસન્નાર્થે	હિંમતનગર
૧૦૧-૦૦ શ્રી મનોજભાઈ તથા મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૨૫૧-૦૦ શ્રી કેતન કિશોરભાઈ સાપરીયા એડમીશન નિમિત્તે	ધૂળકોટ
૨૫૧-૦૦ શ્રી કિશોર ડી. સાપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ
૧૦૦-૦૦ દર્શન, પુનિત અને જય ગુરુ પૂર્ણિમા નિમિત્તે	સુરત
૧૦૦-૦૦ શ્રી ભીખાભાઈ કનુભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	ડેડીયાસણ
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ એચ. અમીન (કોઠારી) ચિ. ચેતનને વોડાફોનની એજન્સી મળી તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી ફાલ્ગુન બિપીનભાઈ ટાંક ગુરુ પૂર્ણિમા પ્રસંગે	મુંબઈ
૨૦૦-૦૦ શ્રી નીરૂબેન માધવલાલ ચૌહાણ હિંડોળા નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી આકાશ દિલીપભાઈ પટેલ ડીગ્રી એન્જી.માં એડમીશન નિમિત્તે	કનીપુરવાળા
૧૦૦-૦૦ શ્રી જીતેન્દ્ર દશરથલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૫૧-૦૦ શ્રી નિરવકુમાર નિતીનભાઈ પટેલ સ્કુલમાં એડમીશન નિમિત્તે	રનેલા
૧૦૧-૦૦ શ્રી પ્રેમસુરેશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	વાવોલ
૫૦૧-૦૦ શ્રી ભરતકુમાર રસિકલાલ પટેલ તથા વિજય કુમાર રસિકલાલ નવા બિજનેશના શુભ પ્રસંગે	બામણવા
૧૦૧-૦૦ શ્રી સચિન હસમુખલાલ પટેલ જન્મદિન નિમિત્તે	વિહારવાળા

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

તિથિ	રસોઇ આપનારનું નામ	ગામ
વૈશાખ સુદ-૧	પ.ભ. ધનજીભાઈ કાનજીભાઈ મીસ્ત્રી	અમદાવાદ
વૈશાખ સુદ-૬	અ.નિ.પ.ભ. રમણભાઈ જેસીંગભાઈ હ. મુકેશભાઈ તથા ઘનશ્યામભાઈ	બાલવા
વૈશાખ સુદ-૭	પ.ભ. ભારતીબહેન પટેલ	
	પ.ભ. ગોવિંદભાઈ ભુદરભાઈ	હિંમતનગર
	પ.ભ. પટેલ ભીખાભાઈ છગનભાઈ	બાયડ
વૈશાખ સુદ-૮	પ.ભ. ધનજીભાઈ કાનજીભાઈ મીસ્ત્રી	અમદાવાદ
	પ.પૂ. મોટા મહારાજશ્રી તરફથી	**સ્વા. બાગ**
વૈશાખ સુદ-૧૨	પ.ભ. કેશાભાઈ લાલભાઈ	ધમાસણા
	પ.ભ. અંબાલાલ ભૂલાભાઈ	ધમાસણા
વૈશાખ સુદ-૧૪	પ.ભ. મંગળાબેન ત્રિભોવનદાસ ઠક્કર	વિરમગામ
વૈશાખ વદ-૧	પ.ભ. પ્રભુભાઈ દેવશીભાઈ	ચરાડવા
	અ.નિ.પ.ભ. હિંમતભાઈ જેઠાલાલ સોની	અમદાવાદ
	કે. કે. ઘનશ્યામએન્ડ કું.	લંડન
	પ.ભ. રવજી લક્ષ્મણ હીરાણી	ગોડપર
વૈશાખ વદ-૫	પ.ભ. બિપીનભાઈ સોમાભાઈ પટેલ	
	પ.ભ. ગોરધનભાઈ ગોપાળભાઈ પ્રજાપતિ	નારણપુરા
	પ.. મનસુખભાઈ ખોડીદાસ ડાભી	નારણપુરા
વૈશાખ વદ-૭	પ.ભ. બાલકૃષ્ણભાઈ	
વૈશાખ વદ-૧૦	અ.નિ.પ.ભ. જયાબહેન અમૃતલાલ હ. શશીભાઈ	
વૈશાખ વદ-૧૨	પ.ભ. ભાનુપ્રસાદ કેશવલાલ પાઠક	લુણાવાડા
	પ.ભ. નાગરભાઈ ચતુરભાઈ પટેલ હ. કલ્યાણભાઈ	કડી
જેઠ સુદ-૨	પ.ભ. રમેશભાઈ લાલજીભાઈ શિયાણી હ. જ્યોતિબહેન, પુત્ર હર્નિશ	મીરજાપુર-કચ્છ
જેઠ સુદ-૪	પ.ભ. વિનોદચંદ્ર બબલદાસ મીસ્ત્રી	
જેઠ સુદ-૫	નબુબેન મોહનભાઈ સિંધવ	વણી
જેઠ સુદ-૧૦	શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ	
જેઠ સુદ-૧૨	પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ	ગાંધીનગર
	પ.ભ. ભગવાનભાઈ રણછોડદાસ	
જેઠ વદ-૫	પ.ભ. કાંતિભાઈ પરષોત્તમદાસ	અમેરિકા
જેઠ વદ-૭	પ.ભ. દેવસીભાઈ કાનજી વેકરીયા	નારણપર-કચ્છ
જેઠ વદ-૧૩	પ.ભ. કૃષ્ણબાળાબેન શંભુભાઈ પાટડીયા	અમદાવાદ
જેઠ વદ-૧૪	પ.ભ. જગજીવનભાઈ સોમદાસ પટેલ	અમદાવાદ
જેઠ વદ-૩૦	પ.ભ. રામદાસ પુંજલદાસ પટેલ	લક્ષ્મણપુરા

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : પ.ભ. રતીભાઈ જેચંદભાઈ ભાવસાર તા. ૨૩-૭-૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ઝાડ (દેહગામ) : પ.ભ. શારદાબા પુરુષોત્તમદાસ પટેલ તા. ૧૨-૬-૦૮ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


સુરત : પ.ભ. મણીભાઈ ફુલાભાઈ પટેલ સાધીવાળા (શ્રી પરેશભાઈ પટેલ લંડનવાળાના પિતાશ્રી) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

(૧) ગુરુપૂર્ણિમા પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા મહંત સ્વામી તથા યજમાન પ.ભ. મનજીભાઈ શામજીભાઈ ભુડીયા તથા ચિ. રાજેશ તથા રવિ આદિ પરિવાર - ફોટડી (કચ્છ) હાલ. લંડન (૨) પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં પ્રાકટ્યોત્સવની આરતી ઉતારતા યજમાન પ.ભ. અશોકભાઈ અને તેમના પુત્ર શ્રી હરેન્દ્ર - માંડવી (કચ્છ) હાલ. લંડન (૩-૪) આપણા એટલાન્ટા (I.S.S.O. અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન અને સભામાં કીર્તન ભક્તિ કરતા હરિભક્તો. (૫) શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર, શ્રી ઘનશ્યામમહારાજના શ્રી નિલકંઠવર્ણીરૂપે દર્શન. (૬) અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન

Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-08 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 31/12/2008


1


2


3


4


5


6

(૧-૨-૩) ગુરુપૂર્ણિમા પ્રસંગે અમદાવાદ મંદિરમાં શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો ઠાકોરજીની આરતી ઉતારતા.

(૪) ગુરુપૂર્ણિમા પ્રસંગે સમસ્ત આશ્રિતોને આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી.

(૫) પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી.

(૬) ૧૧માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે બાલ સ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન મુદ્રામાં આશીર્વાદ આપતા.

Shreeji Art (079) 26580916, 9879606686